# मार्गदर्शन

ડે. પા. ચૌહાણ

2 5+
2-00

ॐ

સ્વામી સ્વયંજ્યોતિ

ॐ

# भर्गदर्शन

લેખક

સ્વામી સ્વયંજ્યોતિ

પ્રકાશક:—મંજુલાલ સાકરલાલ દેસાઇ
ગોલવાડ–ખાડીઆ
અમદાવાદ

વિ. સં. ૧૯૮૯ } કિંમત આઠ આના { પ્રથમ આવૃત્તિ
ઇ. સ. ૧૯૩૩ } { પ્રત ૧૦૦૦

મુદ્રણસ્થાન :
આદિત્ય મુદ્રણાલય
રાયખડ : અમદાવા
મુદ્રક :
ગજાનન વિ. પાઠ

# અનુક્રમણિકા.


| કાવ્ય | પૃષ્ઠ |
|---|---|
| ૐકાર સ્તવન ... ... ... ... ... | ૨૩ |
| ૐ ગુરુ ... ... ... ... ... ... | ૬૮ |
| અપરાધીની પ્રાર્થના ... ... ... ... ... | ૧૩ |
| અમૃત વર્ષા ... ... ... ... ... | ૬૬ |
| અલખ જાગે ... ... ... ... ... | ૬૧ |
| અલિંગી અવધૂત ... ... ... ... ... | ૭૦ |
| અવસ્થા અને અજ્ઞાન ... ... ... ... | ૨૪ |
| અશાન્ત મનની પ્રાર્થના ... ... ... ... | ૧૭ |
| ઇશ્વરની લીલા ... ... ... ... ... | ૩૪ |
| એનાં આવરણ ... ... ... ... ... | ૪૬ |
| કેસરીઆં ... ... ... ... ... | ૩૯ |
| કૈં એ પરસ્તી ઑર છે ... ... ... ... | ૬૨ |
| ખપી જાવું ... ... ... ... ... | ૨૭ |
| ગુરુમંત્ર ... ... ... ... ... | ૯ |
| ચન્દ્રિકાને ... ... ... ... ... | ૭૧ |
| જાગ્રતિ બોધ ... ... ... ... ... | ૪૪ |
| જિજ્ઞાસુને ... ... ... ... ... | ૩૭ |
| ત્ર્યમ્બકી લીલા ... ... ... ... ... | ૩૨ |
| નિજ નામનું ભજન ... ... ... ... | ૩૧ |
| નિત્યપાઠ ... ... ... ... ... | ૪૨ |
| નિમન્ત્રણ ... ... ... ... ... | ૧ |
| નિશ્ચયાત્મક મન ... ... ... ... ... | ૨૦ |
| પ્રભાતનું સ્તવન ... ... ... ... ... | ૫ |
| પ્રમાદી ચિત્તને ... ... ... ... ... | ૨૬ |

| કાવ્ય | પૃષ્ઠ |
|---|---|
| પ્રાર્થના સપ્તક ... ... ... ... ... | ૧૫ |
| પૂરો ... ... ... ... ... ... | ૫૯ |
| ફૈનાફિશહ–ફનાફિલ્લાહ ... ... ... ... | ૬૪ |
| ફરું હરદમ હકીકતમાં ... ... ... ... | ૬૩ |
| બ્રહ્મ સમર્પણ ... ... ... ... ... | ૨૨ |
| બ્રહ્મર્ષિ રામ ... ... ... ... ... | ૩ |
| બંસીધરને ... ... ... ... ... | ૧૦ |
| મરી જા ... ... ... ... ... | ૩૫ |
| મારા જેવા ... ... ... ... ... | ૪૮ |
| મારી પિછાણ ... ... ... ... ... | ૪૭ |
| મુક્તાફલ ... ... ... ... ... | ૬૦ |
| મૂઝાતા મનની પ્રાર્થના ... ... ... ... | ૧૯ |
| મંગલ ગીત ... ... ... ... ... | ૫૨ |
| રટ તું મન ! રામ નામ ... ... ... ... | ૨૧ |
| રમતા રામ ... ... ... ... ... | ૫૭ |
| રામપ્રકાશ ... ... ... ... ... | ૬૯ |
| શિષ્યની વ્યથા અને અભ્યર્થના ... ... ... | ૧૧ |
| સન્તોનું સ્વાગત ... ... ... ... | ૭ |
| સાકી ! દે દે શરાબ ... ... ... ... | ૩૦ |
| સાકીને આખરી અર્જ ... ... ... ... | ૨૮ |
| સાધન ચતુષ્ટય ... ... ... ... ... | ૭૩ |
| સાધુઓની ટોળી ... ... ... ... | ૫૦ |
| હક જબાં આવે નહીં ... ... ... ... | ૬૫ |
| હું ... ... ... ... ... ... | ૭૫ |

卐

॥ ૐ ॥

# नारायण

## નિવેદન

ઇ. સ. ૧૯૧૨ થી અત્યાર સુધીમાં લખાયેલાં લગભગ બધાં ભજનોનો આ સંગ્રહ છે; એમાનાં અમૃતવર્ષા, ઈશ્વરની લીલા, એનાં આવરણ, ચન્દ્રિકાને, પ્રાર્થનાસપ્તક, બ્રહ્મસમર્પણ, રામપ્રકાશ, અને હું, એટલામાં તો શ્રી સ્વામી રામતીર્થનાં અંગ્રેજી અને ઊર્દૂ રચનાઓની થોડે કે ઘણે અંશે છાયા છે; અને બીજાં બધાં પણ એ બ્રહ્મર્ષિના બ્રહ્મમંત્રોની પ્રેરણાનાં જ પરિણામ છે.

છાપવામાં તારીખનો નહિ, પણ ભક્તિ, શ્રવણમનન અને નિદિધ્યાસનનો ક્રમ રાખેલો છે.

૨૦–૯–૩૩
જ્ઞાનસાધનાશ્રમ
છોટાઉદયપુર

સ્વયંજ્યોતિ

# ॐ

# મર્ગદર્શન

## નિમન્ત્રણ

ૐ પ્રેમવારિધિ ઢળે ઢળે,
ૐ ઉરસાગર ઊછળે ઊછળે;—ૐ પ્રેમ૦

ઓ આત્મબન્ધુ ! સહુ આવો આવો,
દ્વૈતભાવના આજ ગળે;—ૐ પ્રેમ૦

પક્ષી પક્ષી પશુ પશુસંગતિ,
પ્રાણી પ્રાણીને ગળે મળે;—ૐ પ્રેમ૦

કંઠ કંઠના અભેદ ધ્વનિમાં
એકગીત ૐકાર ભળે;—ૐ પ્રેમ૦

પહાડ પડે, પત્થર પીગળે,
તરુ તરુ લતામાં લતા લળે;—ૐ પ્રેમ૦

નીર ઝરણુ સરિતા નાળાનાં,
સ્નેહસાગરે ઝળે મળે;—ૐ પ્રેમ૦

વિજાતીય સંયોગ વિભૂતિ,
સજાતીય પ્રસરે સઘળે;—ૐ પ્રેમ૦

એક વિભૂતિ એક ભાવના,
અનેક કિન્તુ એક બળે;—ૐ પ્રેમ૦

પ્રતિ દર્શનમાં આત્મદર્શને
અણુ અણુમાં જઇ ભળે ભળે;—ૐ પ્રેમ૦

એક માત્ર અદ્વૈત ઉકસતું
જે જ્યાંનું તે ત્યાં પીગળે;—ૐ પ્રેમ૦

તે પ્રભુ, તું પ્રભુ, હું પ્રભુ, સૌ પ્રભુ,
એ દર્શન સહુ સ્થળે સ્થળે;—ૐ પ્રેમ૦

એક અખંડાકાર પ્રેમ ૐ,
**આત્મ આત્મમય બ્રહ્મ ભળે;—ૐ પ્રેમ૦**

卐

## બ્રહ્મર્ષિ રામ

નિજ આત્મના પરાગ ઋષિ રામ! ગુરુજ્ઞાની !
એ.....................સ્વીકારો શિષ્યના પ્રણામ.

અમ અન્તરના એક અભિરામ ! બ્રહ્મજ્ઞાની !
એ.....................સ્વીકારો શિષ્યના પ્રણામ.

સત્ત્વ દેહકલા બ્રહ્મભાવશુદ્ધિની ભરી;
સ્વલ્પ દેશ કાલની કલા સમષ્ટિ વિસ્તરી;
ઊડયો આવીને કલાપ્રકાશ રામ, ગુરુજ્ઞાની !
એ.....................સ્વીકારો શિષ્યના પ્રણામ.

પરમ અર્થનો પ્રસાદ શુદ્ધ પહોંચાડવા;
સરલ સત્ય પન્થ સાધકને દેખાડવા;
ફરી યજ્ઞલીલા ભેખ અહા રામ, ગુરુજ્ઞાની !
એ.....................સ્વીકારો શિષ્યના પ્રણામ.

જગત નિત્ય ઝીણી આંખથી અનિત્ય છે ઠર્યું;
સત્ય અંશાવતારના પ્રકાશમાં ભર્યું;
ચડયો એ પ્રકાશ એમ મહા રામ, ગુરુજ્ઞાની !
એ.....................સ્વીકારો શિષ્યના પ્રણામ.

સ્વામી સત્ય ઝાંખી નેત્રમાં અમીભરી ભરે;
જ્ઞાનબાલકો સમીપ એ પ્રસાદ જઇ ધરે;
પડે અન્તરે અંધાર સુધા રામ, ગુરુજ્ઞાની !
એ....................સ્વીકારો શિષ્યના પ્રણામ.

જ્ઞાન દુંદુભિએ ઊંઘ મોહમાયા હણી;
સત્ય તેજ પડચાં, જાગૃતિ સ્ફુરી, દીપ્યો મણિ;
રહ્યું નિત્યનું અભેદ સત્ય રામ, ગુરુજ્ઞાની !
એ....................સ્વીકારો શિષ્યના પ્રણામ.

વર્ણવે શું બુદ્ધિ ? પાર પ્રભો ! વિસ્તરી પ્રભા;
શમે અન્તરના ભાવ ગુરો ! અન્તરે બધા;
હૃદય તત્ત્વ તત્ત્વમાં ભર્યો એ રામ, ગુરુજ્ઞાની !
એ....................સ્વીકારો શિષ્યના પ્રણામ.

નમે દેહ, જપે જાપ હૃદય દ્વૈતભક્તિમાં;
શમે ભેદ, રમે રામ એક પરમશક્તિમાં;
હું-તું જાય, રહે એ સદૈવ રામ, ગુરુજ્ઞાની !
એ....................સ્વીકારો શિષ્યના પ્રણામ.

卐

## પ્રભાતનું સ્તવન

ઊઠીને આદરૂં સ્તવન ગુરુદેવનું
આદ્ય આરાધ્ય દેવાધિદેવા,
આપજો સન્મતિ જાય જડતા બધી,
થાય ભાવે સદા શુદ્ધ સેવા;
ધર્મમાં ધારણા નિત્ય મારી રહે
જ્ઞાન શ્રદ્ધા સ્ફુરે ભક્તિભાવે,
કર્મ નિજ ધર્મનાં થાય કૌશલ્યથી
ચિત્તમાં સર્વથા સ્ફૂર્તિ આવે.

શાસ્ત્ર લાખો ભણે કર્મ કોટિ કરે,
દેવ દેવી કરોડો ઉપાસે,
ના કરે ભક્તિ ગુરુદેવની મૂઢ એ
વ્યર્થ આયુ ગુમાવી વિમાસે;
સદ્ગુરુ સેવવા ભક્તિથી વન્દવા
પ્રેમથી કીર્ત્તનારૂઢ રહેવું,
આત્મકલ્યાણનું એજ સાધન ખરૂં
વેદશાસ્ત્રાદિનું વાક્ય એવું.

દેવમાં દેવ **એ** ઇષ્ટમાં ઇષ્ટ **એ**
તત્ત્વમાં તત્ત્વ **એ** એક સાચું,
નિત્ય ગુરુનામનાં શ્રવણ કીર્ત્તન કરૂં
ભક્તિ નિષ્કામ દો એમ યાચું;
મન વચન દેહને પ્રેરજો સત્પથે
આપને એક ભાવે ઉપાસે,
દીન જાણી સદા શરણમાં રાખજો
વિઘ્ન સન્તાપ ભવભીતિ નાસે.

જન્મ માનવ દીધો એ અનુગ્રહ કીધો
કેમ આભાર ગુરુદેવ ! ભૂલું ?
સાર નિઃસાર જાણું વિવેકે ગુરુ !
તિમિર અજ્ઞાન ટાળો સમૂળું;
અલ્પ મતિશક્તિનાં કર્મ અર્પી અધાં
ચિત્ત હરિમાં રહે એજ યાચું,
સદ્‌ગુરુ સાધવા ઇષ્ટ આરાધવા
ધન્ય આ જન્મસાફલ્ય સાચું.

卐

## સન્તોનું સ્વાગત

આવો આવો હો સન્ત !
 આવો આનન્દ હૃદયચોકમાં;
લાવો લાવો હો સન્ત !
 લાવો સન્દેશા સન્તોષમાં.

તમે યાત્રી છો પુણ્ય પરમધામના;
નિત્ય ગાતા ગુણગાન હરિનામના;
શુદ્ધ પામવા પ્રસાદ,
સદા સેવે પ્રભુપાદ,
એવા દીઠા આ લોકે પરલોકમાં ?
 હો સન્ત ! આવો આનન્દ હૃદયચોકમાં.

જેને માયાના મોહ મઝા આપતા;
જેને કાયાના કલેશો સંતાપતા;
સદા શોધે સંયોગ,
ભરે ભાવીમાં ભોગ,
જરા આશ્વાસન આપો એ શોકમાં,
 હો સન્ત ! આવો આનન્દ હૃદયચોકમાં.

જન્મમૃત્યુ એ કાલની કમાણી;
સ્વર્ગનરક વાસનાતણી ઉજાણી;
બધે બંધનના બાધ,
દ્વંદ્વ સાધે સંઘાત,
ભમે જંજાલી જીવ ભ્રમણઝોકમાં;
હો સન્ત ! આવો આનન્દ હૃદયચોકમાં.

નિત્ય દેવાનાં દાન પ્રભુપ્રેમનાં;
બને હૈયાં ઉલ્હાસભર્યાં હેમનાં;
પળ્યાં પાપ ને પ્રમાદ,
ભર્યો બ્રહ્મરસાસ્વાદ,
ઝરે ધારા અમીરસ થોકમાં,
હો સન્ત ! આવો આનન્દ હૃદયચોકમાં.

## ગુરુમંત્ર

"ૐ ગુરુ" "ૐ ગુરુ" બોલ; રસના !
"ૐ ગુરુ" "ૐ ગુરુ" બોલ.

શુક સનકાદિક "ૐ ગુરુ" બોલ્યા
મંત્ર મહા અણમોલ;–રસના૦

વેદપુરાણવિશારદ વ્યાસે
એજ વગાડ્યો ઢોલ;–રસના૦

હરિ હર અજ અમરાપતિ ઈન્દ્રે
એજ ગ્રહ્યો છે બોલ;–રસના૦

જપ તપ તીર્થભ્રમણ વ્રત સેવા
નહિ કંઈ એને તોલ;–રસના૦

ભવસાગરજલપર પડી નૌકા,
જીવન ડોલમડોલ;–રસના૦

ૐ સ્વયં પ્રભુ સદ્ગુરુ સ્મરીને
જીવનબંધ તું ખોલ;–રસના૦

# બંસીધરને

બંસી ના કર બંધ, બંસીધર !
બંસી ના કર બંધ.

એ અનુપમ સુર નિગમનિયન્ત્રિત
ગુંજન આત્મનિકુંજ;–બંસીધર !

એ કલરવ કલિમલદલધ્વંસક
એ ઉરનો વિધિબંધ;–બંસીધર !

એ સુરજીવન સ્નેહસુમંત્રિત
અદ્‌ભુત પ્રેમપ્રબંધ;–બંસીધર !

તાર અગમ્ય અખંડ અલૌકિક
એક જ એ ભવરંગ;–બંસીધર !

ઘટ ઘટના ઘટભીતર ભારી
પ્રાણપ્રકાશ તરંગ;–બંસીધર !

નિત્ય સુખાવહ શાન્તિ સદોદિત
શાશ્વત જીવનસંગ;–બંસીધર !

卐

## શિષ્યની વ્યથા અને અભ્યર્થના

ભક્તિભાવના ઉરે વરાવો,
　　　　દયાળુ ગુરુ! શ્રદ્ધાની સાધના કરાવો.
ઉરને ઊંડાણ ગુરુ! ઊઠે શુભ ચેતના,
　　　　જ્યોતિ ત્યાં જ્ઞાનની જગાવો;–દયાળુ૦
વિષયોની વાસના ને રાગદ્વેષ ભસ્મ થાય,
　　　　ધૂણી આ અન્તરે ધખાવો;–દયાળુ૦
હું તો બલહીન આપ બલના ભંડાર પ્રભુ!
　　　　પામરને પકડી ઊઠાવો;–દયાળુ૦
દૃષ્ટિ જ્યાં જાય બધે અંધકાર દીસતો,
　　　　આશાનાં કિરણો પ્રકટાવો;–દયાળુ૦
મમતા ને મોહભર્યું મન આ મેલું બહુ,
　　　　સેવા દઈ શુદ્ધ એ બનાવો;–દયાળુ૦
રોક્યું રોકાય નહિ ચિત્ત આ ચલાયમાન,
　　　　મુક્તિની આશ દઈ મનાવો;–દયાળુ૦
શું જાણું જ્ઞાનધ્યાન? નહિ કશું શાસ્ત્રભાન,
　　　　શરણે છું નાથ! હો નિભાવો;–દયાળુ૦

જેવો તેવોય પ્રભુ! આવ્યો છું આશ્રયે,
ચોરાસી લક્ષથી બચાવો;–દયાળુ૦
આવ્યો હું કોણ અહીં? શું આ બ્રહ્માંડ બધું?
ઈશ્વર છે કેવો? સમજાવો;–દયાળુ૦
વૃત્તિઓ વિરામ કરે આત્મામાં આપથી,
ઊર્મિ ઉર એવી ઉપજાવો;–દયાળુ૦
વિનવું શું વારવાર, અન્તરમાં આપ ભર્યા,
મારા ભવતાપ સૌ શમાવો;–દયાળુ૦
હું તો અલ્પજ્ઞ પ્રભુ! આપ બધું જાણકાર,
ભવચક્રે ના વધુ ભમાવો;–દયાળુ૦
ગુણના બ્રહ્માંડમહીં નિર્ગુણ છો આપ એક,
શિષ્યને ઉગારવાને આવો;–દયાળુ૦
સત-ચિત-આનન્દ સ્વયં આત્મગુરુ ઓળખું,
એવું ઉર જ્ઞાન ભાન લાવો;–દયાળુ૦

卐

## અપરાધીની પ્રાર્થના

ગુસ્સો ના કરશો, ગુરુદેવ !
ચેલો હું અપરાધી અંધો.

આપ બતાવો સૂર્યરાજ પણ
હું કહું એ છે ચંદા;
આપ શીખાવો જ્ઞાન ભક્તિ પણ
હું કરું વિચાર ગંદા;—ગુસ્સો૦

લખ ચોરાસી જન્મ મળ્યા પછી,
પામ્યો માનવ કાયા;
આપ ગુરુજી ! આત્મસિદ્ધ છો,
હું તો કેવલ માયા;—ગુસ્સો૦

વિષયોની ઝડપાઝડપીમાં
હતો હું કામી ક્રોધી;
ધૈર્ય શાન્તિ ને ક્ષમા દયાનો
મારો હુંજ વિરોધી;—ગુસ્સો૦

ક્રોધ મોહ મદથી પીડાતો
માગું દયાની ભિક્ષા;
દયા કરો ગુરુ, કૃપા કરો પ્રભુ !
દયા છે સદ્ગુરુશિક્ષા;—ગુસ્સો૦

ષડ્રિપુના સંહારક ગુરુજી !
જ્ઞાન ભક્તિના દાતા;
ખેદ ભેદ સહુ આપ કરો દૂર,
આપ શિષ્યના ત્રાતા;—ગુસ્સો૦

શંભુ, સ્વયંભૂ, વિષ્ણુ ત્રણેમાં
ગુરુજી ! પ્રકટ સગુણ છો;
આપ સ્વયં પ્રભુ પારબ્રહ્મ છો,
નારાયણ નિર્ગુણ છો;—ગુસ્સો૦

卐

## પ્રાર્થના સપ્તક

સહસ્રો રૂપોમાં ચકિત કરવા યત્ન કર તું !
પરન્તુ તેમાં એ પ્રિયતમ ! તને ઓળખી શકું;
રમી માયાજાદુ વિવિધ રૂપ તેમાં તું બદલે,
પરન્તુ વિશ્વાત્મા ! તહીં પણ તને કોણ ન કળે ?

વહે પ્રાતર્વાયુ કુસુમકલિ ધીમેથી વિકસે,
ભરે તું વર્ધિષ્ણો ! રસરૂપ તહીં શોભન સખે !
છુપી તારી શક્તિ વિમલ જલમાં ને પ્રતિ કણે,
મનોહારી ! એવું કયું હૃદય કે એ અવગણે ?

ફુવારામાં ઊંચે ઉછળી ઉછળીને જલ રમે,
કલા લીલા તારાં રમણ ! સુખ ચિત્તે અભિરમે;
ઘનાકારે ઘૂમે ગગનમહીં અંબુજ રૂપમાં,
અહો લીલાવર્તી ! જલદધર ત્યાં આપું ઉપમા.

ખીલી પુષ્પો ફૂલી વનસ્થલીમહીં મોહની ભરે,
અહો એ રત્નોમાં પ્રભુ ! નયન શાન્તિમય ઠરે;
ઊગીને વિસ્તારે તરુ વિવિધ શાખા અહીં તહીં,
તહીં લીલા તારી વિકસિત થતી આ ઉર મહીં.

ઉષાનાં સોનેરી કિરણ શિખરે ભર્ગ ભરતાં,
વરેણ્યમ્ એ પૂજું દિનકર ! પ્રભો ! ધ્યાન ધરતાં;
દિશાઓના ખંડે ઝુકી રહ્યું નભોમંડળ શિરે,
પ્રભો ! શ્વાસોચ્છ્વાસે અવિકલ કૃતિ સૌ ગતિ ભરે.

દસે ઈન્દ્રિયોમાં પ્રતીત થઈ જે ગ્રાહ્ય બનતું,
મનોબુદ્ધિચિત્તે સતત વળી જે ચિંતવન થતું;
બધાં એ દશ્યોમાં ગુરુ ! તુજ અભિજ્ઞાન મળતું,
નિયન્તા ઓ સ્વામી ! અખિલ જગ તારામય થતું.

ફરે લાખો માળા કર મહીં, રમે નામ હૃદયે,
પ્રતિનામે ઊઠી પ્રતિધ્વનિ ઉરે ગર્જિત રહે;
દીઠાં દશ્યો, લીધી સ્મરણી કરમાં, નામ ઉરથી,
પ્રભો ! પ્રાણાધારા ! અકલિત નથી કાંઈ તુજથી.

## અશાન્ત મનની પ્રાર્થના

પ્રભુ ! આ મન નથી શાન્ત થતું;
ક્ષણુ ક્ષણુ દિન દિન બહેકી બમણું
ગર્વ મહીં ચડતું;
ભૂલી ભાન સ્વધર્મકર્મનું,
મોહ મહીં સડતું.—પ્રભુ !

આત્મવિચાર સૂઝે નહિ જરીએ
બહાર બધે ભમતું;
તત્ત્વે તાન રહે નહિ તેનું
વિષયોમાં રમતું. — પ્રભુ૦

માયામદિરા પી બન્યું પાગલ,
ભાન બધું હરતું;
હું હાર્યો પ્રભુ ! શ્રમ કરી સઘળો
માર્યું નથી મરતું. — પ્રભુ૦

જન્મ વૃથા વીતે વિભુ ! કાંઈ
કાર્ય નથી સરતું;
ઉગ્ર બન્યું બળી તાપ ત્રિવિધમાં
ઠાર્યું નથી ઠરતું. — પ્રભુ૦

બાહ્ય પદાર્થ પ્રતિ ઈન્દ્રિયની
ગતિ નથી એ દમતું;
ચંચલ બનીને દોડે દિશ દિશ
નથી નથી એ શમતું. — પ્રભુ૦

ઉભરાતું અજ્ઞાનશત્રુદલ
ધૈર્ય બધું હણતું;
સત્સંગતિબલ સ્મરણ આપનું
સઘળું અવગણતું. — પ્રભુ૦

શક્તિ સમાય, મૂઝાય મહા મતિ,
શું કરું ના સૂઝતું;
આપ સ્વયં પ્રભુ! આવો નહિ તો
જ્ઞાન બધું બૂઝતું. — પ્રભુ૦

# મૂઝાતા મનની પ્રાર્થના

ગુરુ! મન કયમ મારું કહોને;
પ્રભુ૦ પ્રભુ! બલ કંઈ આપનું દોને.—ગુરુ૦

વિષયાકાર બનીને વહેતું દસ દિશ વાયુવેગે;
ખાળ્યું ખળે ના ખળ એ પૂરું ઊકળાતું ઉદ્વેગે.—ગુરુ૦

કામ ક્રોધ મદ મોહ શત્રુગણ કાયાનો ગઢ ઘેરે;
પ્રભુ૦ હાહાકાર બધે અન્તરગૃહ જીત થશે શી પેરે?— ગુરુ૦

કર્મ વિવિધ કરી હું પ્રભુ! થાકયો મેં કર્યું એ હઠ વાધ્યો;
કર્મ કરું, ફલ ભોગવું એ વિધ રોગ ભવોભવ લાધ્યો.—ગુરુ૦

પ્રભુ૦ તપ તપતાં મજબૂત બને પણ જાડ્ય મહીં બંધાતું;
વ્રતધારણથી વધે અહંતા મૂલ ન લેશ કપાતું.—ગુરુ૦

થાક્યો હું કરી સાધન સઘળાં ચંચલતા અટકાવો;
શી વિધ એ સમજે સમજાવ્યું સાધન સાચું બતાવો.—ગુરુ૦

મનના માર્યા મરણશરણ સહુ મન મારે તે જીવે;
મનમર્કટના નચવ્યા નાચે એ જન જીવન ખૂએ.—ગુરુ૦

ભક્તિ ભરો ઉર, વિઘ્ન કરો દૂર, પ્રાણ પ્રકાશ પમાડો;
તત્ત્વ સમાય અહોનિશ ગુંજન ૐ સુર આદ્ય જગાડો.—ગુરુ૦

શાંતિ સદોદિત જ્ઞાન અખંડિત શાશ્વત સુખ પ્રભુ! આપો;
તાપ ત્રિતાપ સ્વયં સહુ ઠારી અવિચલ પદ પ્રભુ! સ્થાપો.—ગુરુ૦

卐

## નિશ્ચયાત્મક મન

પ્રભુ ! મન મલિન થશો ના મારું;
મુજ જીવનજ્યોત સુધારું.—પ્રભુ

પુણ્યવશાત કદી પૃથિવીનું રાજ્ય મળે અણધાર્યું;
પાપવશાત પડું કદી પંકે ક્ષણ નહિ આત્મ વિસારું.—પ્રભુ

સુખમાં સુખી માની નહિ કદીએ ઉર અભિમાન વધારું;
દુઃખમાં દુઃખી માની બની પામર વચન ન દીન ઉચ્ચારું.—પ્રભુ

દ્વંદ્વ પડયાં પ્રતિ પલ પ્રભુ ! પાછળ શાંતિ સમત્વ સંભાળું;
સહજ સ્વભાવ સુખાવહ જીવન સાત્ત્વિકતામય ગાળું.—પ્રભુ

વિષય વિચાર કરે કદી એ તો આત્મપ્રતિ ઝટ વાળું;
મોહતિમિરથર જામ્યા જૂના ચિદ્દઘનદીપક બાળું.—પ્રભુ

લક્ષ પરાત્પર બ્રહ્મ ઠર્યું ઉર પ્રણવધનુષ્ય પ્રભુ ! ધારૂં;
બાણ સ્વયં ગ્રહી આત્મસ્વરૂપનું તન્મય તત્ત્વ ઊતારું.—પ્રભુ

卐

## રટ તું મન ! રામનામ

રટ તું મન રામનામ;
મધુર મધુર મધુર મધુર.

કટુકષાય કલહ જાય;
અમીરસ ઉર મુખ ભરાય;
સ્વરસ સરલ સુખ સ્વધામ,
પ્રચુર પ્રચુર પ્રચુર પ્રચુર;—રટ૦

પ્રિયતમ પ્રભુ પરમ પ્રેમ;
જલ સ્થલ તલ સકલ ક્ષેમ;
વિમલ વિરલ વિભુ વિરામ,
ચતુર ચતુર ચતુર ચતુર;—રટ૦

પ્રણવબ્રહ્મ પરમ પ્રાપ્ત;
અભય અમલ અકલ આપ્ત;
નિપુણ નિજ સ્વરૂપ નામ,
ન દૂર ન દૂર ન દૂર ન દૂર;—રટ૦

卐

## બ્રહ્મસમર્પણ.

ૐ જય પ્રેમ પ્રેમ પરબ્રહ્મ!
જય જય સત્ય સચ્ચિદાનન્દ! – ૐ જય૦

દેશકાલ વસ્તુથી પરાત્પર;
તને ભજું પ્રભુ! નિત્ય નિરન્તર;
એક કિન્તુ બહુગમ્ય, – ૐ જય૦

વીતે સત્યપરાયણ જીવન;
વિચરે વિહરે પ્રભુમય તનમન;
પ્રભુમાં બધું સમર્પણ, – ૐ જય૦

પ્રભુ! મુજ જીવનધનના સ્વામી!
સેવું સત્ય રહી અનુગામી;
સુખદુઃખ દ્વંદ્વની મધ્ય, – ૐ જય૦

તુજ ઇચ્છા પ્રભુ! હું ગણી મારી;
વિચરૂં એ અનુસાર વિહારી!
હું તારૂં પ્રતિબિમ્બ, – ૐ જય૦

卐

## ૐકારસ્તવન

એક આદિ શબ્દ ૐ કાર રે,
ધર ધ્યાન આત્મપદ પામી;
પરબ્રહ્મરૂપ સાકાર રે,
નિર્ગુણનું નામ અનામી.
"ૐ" ગુણાતીતની સંજ્ઞા;
જ્યાં પ્રાજ્ઞ ભણે છે પ્રજ્ઞા;
એ સ્વરૂપસાક્ષાત્કાર રે,
મતિ ગતિ કૃતિ સર્વ વિરામી, - એક૦
ઋષિ મુનિએ વેદ વિલોકયા;
લખી વ્યાસ પુરાણો થાકયા;
મળ્યો નિરાકાર આકાર રે,
મનવાણી પાર જ્યાં પામી; - એક૦
છે મકાર સતની કાયા;
ને ઉકાર ચિતની છાયા;
આનન્દે અન્ત્ય મકાર રે;
તન્માત્રા નિર્ગુણધામી; - એક૦
નિજનામ નિત્ય મુખ કહેવું;
નથી અન્ય લેવું કે દેવું;
જ્યાં અભેદ જય જયકાર રે,
સૌ વૃત્તિવાસના શામી; - એક૦
ૐ સ્વયં શબ્દની વાણી;
ગુરૂગમની એ એંધાણી;
શી અખંડ એકાકાર રે,
ૐ અમૃતધારા જામી; - એક૦

卐

## અવસ્થા અને અજ્ઞાન

ઊઠો ઊઠો સંસારી જીવ ઊઠો,
જીવલડાને જાગતો કરોને;
ખોલો ખોલો અજ્ઞાનબન્ધ ખોલો,
નિજાત્મતેજ નેત્રમાં ભરોને.

જોતાં જોતાં જ જુઓ વીતે આ રાતડી;
સૂતાં સૂતાં ન વસ્તુ કોઇને કદી જડી;
મનવાને માનીતો ના કરો,--જીવલડાને૦

ઊંઘીને ખૂબ આળસુપણું જીવે ભર્યું;
અજ્ઞાને જ્ઞાનતેજશક્તિ સામટું હર્યું;
મિથ્યા અભિમાન માહીં ના મરો—જીવલડાને૦

શમણામાં રાગદ્વેષ ખૂબ ભોગવ્યા ભલા;
જાગી જોયું તો ગયા રાગદ્વેષ પાછલા;
અથડાતા આમ તેમ ના ફરો,--જીવલડાને૦

સ્વપ્નામાં મનવાને જાગવાની મોજ છે;
જાગીને સ્વપ્ન નવાં જોવાનાં રોજ છે;
બન્ને અળખામણાં ઊંઘી કરો,--જીવલડાને૦

માયાની ઊંઘ જ્યારે જીવડાને આવરે;
જ્ઞાની તો નિત્ય આત્મજાગ્રતિમહીં ફરે;
જાગો જાગો ને વેળ કાં કરો,--જીવલડાને૦

સાચામાં એક એજ જુઠામાં ચોગણી;
ચાર ચાર ભેદ રમે માયા અભાગણી;
    તુર્યાની પાર જઈ પૂરી કરો,--જીવલડાને૦

જાગીને સ્વપ્ન જોઇ ભોગવે સુષુપ્તિ;
તુર્યા આનન્દ કરે, એમ ચાર એ સ્થિતિ;
    બ્રાહ્મી અખંડ બ્રહ્મમાં ભરો,--જીવલડાને૦

મિથ્યા એ ઊંઘવું ને જાગવુંય છે ઘડયું;
સૂતું અજ્ઞાન થતું જાગ્રતિમાં એવડું;
    એવા અજ્ઞાનને પરૂં કરો,--જીવલડાને૦

આત્મસૂર્યમાં ન કદી ઊંઘવાની વાત છે;
મનના ચાંદલિયાને માયાની રાત છે;
    ઊગ્યો વિજ્ઞાનસૂર્ય છે ખરો,--જીવલડાને૦

આહા ! અખંડ રામજ્ઞાનસૂર્ય ઊગતાં;
પ્રજ્ઞાપ્રકાશ સ્વયં શિષ્ય થયો જાગતાં;
    ઊઠો શ્રીસદ્‌ગુરુ જઈ વરો,—જીવલડાને૦

卐

# પ્રમાદી ચિત્તને

ચાલ ઊઠ વીર! આળસુ ન સત્ય પામશે;
નહીં બાયલો કદી સ્વરૂપમાં વિરામશે.
જાગ જાગ ચેત નામરૂપ નિત્ય આ નવાં;
ધરે માયા એ મોહિની તને લુભાવવા.

આજ આમ કાલ કાંઇ જગત ભિન્ન થઈ જશે;
દ્વંદ્વચક્રમાં ચડીશ ત્યાં ગતિ બૂરી થશે.
સડી સંસારે કામક્રોધકલેશ તું સહે:
સન્ત તેડે છે શીદ ત્યાં પછી પડ્યો રહે?

ભેદ નામરૂપમાં તથાપિ વસ્તુ એક છે;
દેખ દેખ દૃષ્ટિ ખોલ સત્ય શું વિવેક છે.
પાત્ર પાત્ર ભેદ કલ્પી રાગદ્વેષ વાધતાં;
મીઠી માયાની ગોઠડી વધે વધારતાં.

મનોબુદ્ધિનો ભ્રંશ ભોગયોગ શોધતો;
રાગરંગના પ્રપંચમાં તણાય સામટો.
મૂક મારું-તારું બંધનો બધાં ખરી પડે;
વહેમ વીતતાં અનિત્ય, નિત્ય તત્ત્વ સાંપડે.

જગત જાય તે જવા દે ને આપદા પતી;
બળ્યા બુદ્ધિના ખેલ વધુ વાત ના વધી.
હૃદય, દેહ, મોહ, સુખ, દુઃખ, ઇંદ્રિયો ઢળ્યાં;
જગત્ વિશ્વ બ્રહ્મ એક રૂપ તત્ત્વ થઇ ગળ્યાં.

卐

# ખપી જાવું

ખપી જાવું ખપી જાવું
પૂરે પૂરું ખપી જાવું;
મગર પહેલાં અહમ્ ઘોળી
હલાહલ સર્વ પી જાવું.

અલખ લખ ઑલિયે આવી
જગાવી જ્ઞાનની જવાલા;
શું ગાશે વૈખરી મહિમા
મહા મૌને ખપી જાવું.

ગુરુદેશે જવું ત્યાં ૐ
સ્વયં સોઽહમ્ જપી જાવું;
સ્વયંજ્યોતિ સ્વયં જાગે
ગુરુ નાહમ્ ખપી જાવું.

卐

## સાકીને આખરી અર્જ

અહા ! સુણ અર્જ આજીજી અયે અલ્ગર્જ ઓ સાકી !
નીતારી દે નીતારી દે હજુ કૈં બોતલે બાકી.

જરા આ જામ ખાલી એ મને આપે ન લજ્જત કૈં;
હજારો પી ચૂકયો બસ એ હવે બે બૂંદ છે બાકી.

નશો આવે ઝુકે ગરદન ઊડે ગમખ્વાબ સૌ ખ્યાલી;
જિગરની આહમાં ના રહે તમન્ના આરજૂ બાકી.

જિગર ગમ ખાય છે આજાદને આવું સફા કહેતાં;
મગર આ દિલ તડફતું મય પુકારે એ નશો બાકી.

હકીકતમાં સનમને રાહ ઊભો રાહદારી હું;
જવાનીમાં જઇફી જિન્દગીમાં મોત છે બાકી.

મહબ્બતમાં કરી મશગુલ દુઆ દીધી જબાં દીધી;
નશો દીધો શરાબીમાં હવે તો રાખ કાં બાકી ?

પિછાની પ્યાર પહેલાંનો કરી લે કોલ સૌ તાજા;
જહાં જિન્નત જુએ એ ચશ્મમાં કૈં નૂર છે બાકી.

ઊડે પર્દો હઠે ગમ આખરી એ વસ્લે-વહદતમાં;
સનમ મુખો ઊપાડે ત્યાં કદમ પહોંચાડવા બાકી.

ભર્યો આબે-હયાતે હોજ કિસ્મત હકપરસ્તીનું;
અનલ-હકની રૂહાની બાંગમાં આ બોલ કાં બાકી ?

નીચોવી ખૂન પીવા આ ઊભી દિલબર નજર સામે;
મગર એ ખૂનમાં હડ્ડી હજુ કૈં ગાળવી બાકી.

લબેલબ મેળવી દે, દે જિગરના તાર સૌ સાંધી;
ખતમ હો દિલ્લગીમાં જે ઇશારા યારના બાકી.

સનમ હું તું બધી મહેફિલ બને પાગલ શરાબીમાં;
મગર આ અકલને જિદ્દી જહાંનો મામલો બાકી.

રફા કર મામલો બોતલ ખતમ કર આજીજી આખર;
હું ઝુલું તું ઝુલે ગાતાં ગઝલ ના હોશ રહે બાકી.

નઝર કર કર રહમ મુર્શિદ ! શરાબીમાં સનમ રાજી;
અમલ કર વાયદો કર યાદ વસ્લે-યાર કાં બાકી ?

હજારો આદમી મૌલા અને મુર્શિદ બને સાકી;
મગર એ સૌ ભિખારીમાં શરાબે-શોખ છે બાકી.

સવાલી કે ભિખારી બસ હું તારો તું જ પયગમ્બર;
ભરી પ્યાલી લબાલબ પા તરસ આ એટલી બાકી.

સનમ ફિદવી પરે કુર્બાં હું જિસ્મો-જાં ગયો હારી;
ઓ સાકી ! ઓલિયા ! બાપુ ! બકા-એ-વસ્લ કાં બાકી ?

તૂટે બોજું ઊડે દમ આ હઠે સૌ ખ્વાબની તાસિર;
શરાબે-વસ્લે-વહદતમાં અનલ-હક બાંગ બસ બાકી.

卐

## સાકી ! દે દે શરાબ !

સાકી ! દે દે શરાબ !
તારી બોતલ હિલાવ;
જાય તરબતર પિલાવ;
ખુદમસ્તી મિલાવ;
યાર ! દે દે શરાબ !

ઊડે બેખ્વાબી ખ્વાબ;
જાય સવાલો–જવાબ;
નહીં બંદો નવાબ;
સાકી ! દે દે શરાબ !

卐

# નિજ નામનું ભજન

ૐ હું ભજન કરૂં નિજ નામનું;
ધરૂં ધ્યાન નિત્ય ગુરુ રામનું; —ૐ હું૦

ગુરુજી મારા અગમ અગોચર મન બુદ્ધિની પાર;
વિચાર વાચા ત્યાં નહિ પહોંચે બ્રહ્મ પરાત્પર પાર;- ૐ હું૦

ઈંદ્રિયગણ મન લીન થતાં સહુ ઊકસ્યો આત્મવિકાસ;
સ્વરૂપ મારૂં આદિ અનાદિ એક અખંડ ઉજાસ;- ૐ હું૦

નહિ હું કાયા નહિ હું માયા નહિ અહમ્મમ પાશ;
શુદ્ધ સચ્ચિદાનન્દ બ્રહ્મ હું મારો બધે પ્રકાશ :- ૐ હું૦

ધ્યાન ધ્યેય ધ્યાતા ત્રિપુટિનું કેવલમાં નાહ કામ;
એક અખંડિત ગુણાતીતમાં ગુરુજી કરે વિરામ;- ૐ હું૦

ગુરુગમ ભેદ સ્વયં સમજાવ્યો ગુરુજી થયા પ્રસન્ન;
ક્ષીણ હીન મન વિકલ્પ વિસરે ધન્ય ધન્ય ગુરુ ધન્ય !- ૐ હું૦

卐

# ત્ર્યમ્બકી લીલા

એક આંખથી પિંડ બને સગુણી;
બીજી આંખે બ્રહ્માંડ બને ત્રિગુણી;
ત્રીજી આંખમાં ભસ્મ છે નિર્ગુણની;
આવું જીવનચિત્ર છે ત્ર્યમ્બકનું.

એક આંખે અભેદ રહે શિવજી;
બીજી આંખે ઊભી કરે ભૂતાવલિ;
ત્રીજી આંખે હોમાય અખંડ બલિ;
આવું જીવનચિત્ર છે ત્ર્યમ્બકનું.

એક આંખથી ગૌરીનો ગર્વ હરે;
બીજી આંખે ગંગાને જટામાં ધરે;
ત્રીજી આંખે અનંગને ભસ્મ કરે;
આવું જીવનચિત્ર છે ત્ર્યમ્બકનું.

એક આંખે ભૂલોકે વિભૂતિ ભરે;
બીજી આંખથી ઇંદ્રને મૃત્યુ ધરે;
ત્રીજી આંખે ત્રિલોકીમાં તેજ કરે;
આવું જીવનચિત્ર છે ત્ર્યમ્બકનું.

એક આંખથી થાય સ્મશાન ખડું;
બીજી આંખથી માનવી થાય મડું;
ત્રીજી આંખથી तत्त्वमसि ઊઘડ્યું,
આવું જીવનચિત્ર છે ત્ર્યમ્બકનું.

એક આંખે હલાહલ કંઠ ભરે;
બીજી આંખથી ચંદ્ર કપાલ ધરે;
ત્રીજી આંખથી શેષનું છત્ર કરે;
આવું જીવનચિત્ર છે ત્ર્યમ્બકનું.

એક આંખે ગળે રૂંડમાળ વરે;
બીજી આંખથી ખપ્પર ધારી ફરે;
ત્રીજી આંખથી ૐ ડમરૂ ઉચરે;
આવું જીવનચિત્ર છે ત્ર્યમ્બકનું.

એક આંખથી યોગસમાધિ કરે;
બીજી આંખથી યોગમાં ઘેન ભરે;
ત્રીજી આંખથી સાક્ષાત સિદ્ધ ફરે;
આવું જીવનચિત્ર છે ત્ર્યમ્બકનું.

એક આંખમાં ગૌરી જુએ ગરિમા;
બીજી આંખમાં ભૂતલનો મહિમા;
ત્રીજી આંખે પૂજાય શિલાપ્રતિમા;
આવું જીવનચિત્ર છે ત્ર્યમ્બકનું.

એક આંખે શિલાલિંગમાં ઘન છે;
બીજી આંખે સ્વયં શિવ ચેતન છે;
ત્રીજી આંખે અલિંગી એ ચિદ્‌ઘન છે;
આવું જીવનચિત્ર છે ત્ર્યમ્બકનું.

卐

# ઈશ્વરની લીલા

શી ગહન રીતથી મહાલે, ઈશ્વર, ગહન રીતથી મહાલેઃ

અઘટિત ઘટના ઘડવા પ્રભુજી અજબ ઢંગ સંભાળે;
જલનિધિ પર એ પગલાં પાડે ભર તુફાન પર ચાલે;–ઈશ્વર૦

કાર્યકુશલ એ ઉર ઊંડાણુની મણિમય ખાણુ વિશાલે;
દિવ્ય યુક્તિ ગતિકૃતિ ભરી વિશ્વે અજબ ધારણા ઢાળે;-ઈશ્વર૦

ઓ ભયભીત ભલા સાધુ સૌ ભયવાદળ જે સાલે;
મિથ્યા કાં ભયથી ભરમાતા ? ફસો ન એ જંજાલેઃ–ઈશ્વર૦

સાહસ ખેડો ભયઘનવાદળ અદ્ભુત કરુણા ગાળે;
યોગક્ષેમની વૃષ્ટિ વરસશે અંતરને અજવાળેઃ–ઈશ્વર૦

સુખમય પ્રભુ કદી વિહાર ખેલે પ્રકટ રૂપ વિકરાલે;
પુષ્પકલિ કટુ હોય પરન્તુ મધુર સ્વાદ જ્યાં ફાલેઃ–ઈશ્વર૦

卐

## મરી જા

મરી જા મરી જા મરી જા, મનવા !
શાશ્વત જીવન વરી જા.

નરતનુ છેવટ પામ્યો તું મૂરખ,
ધન્ય આ દેહ કરી જા;
ભવસાગર ભરતી ઘૂઘવતી
જીવનનાવ તરી જા;–મનવા૦

કાયાની પહેલાં તો માયાને મારી
અમૃતરસ તું પી જા;
લોક તો ફોક છે જીવજ બ્રહ્મ છે
શિવ શિવ નિત્ય જપી જા;–મનવા૦

સુખ દુઃખનાં શમણાં સહુ ભૂલી
સાચું સુખ સમજી જા;
"હું" ને "મારા" નું જગત રચ્યું તેં
મોહજંજાલ તજી જાઃ–મનવા૦

જન્મમરણ ચડતીપડતી બધી
ભવ ઘટના વીસરી જા;
ચોરાશી લખમાં જે ફેર ફર્યો તું
ઉલટો એ ફેર ફરી જા;–મનવા૦

માયાની જાળ કરોળિયાનું જાળું
આન્તર મુખથી ગળી જા;
વિષયી "હું" ને નિર્વિષયી બનાવી
સહેજે સ્વયંમાં ભળી જા;–મનવા૦

卐

## જિજ્ઞાસુને

જેમના તેમ થઈ રહેવું; જિજ્ઞાસુ તારે,
કોઈ ને ન કાંઈ કદી કહેવું.

મનના વિકલ્પ ચિત્તવૃત્તિઆભાસ તજી
બુદ્ધિમાં જ્ઞાન ભરી દેવું;
મિથ્યા પ્રલાપ વાદ વાણીનો વિલાસ તજી
સોઽહમ્-ૐ નામ સુખે કહેવું:-જિજ્ઞાસુ૦

કાયાનાં કામકાજ સોંપી સ્વધર્મને
ભક્તિમાં ભાવભર્યાં રહેવું;
માયાનાં દ્વંદ્વ એ તો મિથ્યા ભૂલામણી
સમતા પ્રારબ્ધ સુખે સહેવું:-જિજ્ઞાસુ૦

નામ રૂપ નાશવન્ત અવિનાશી આત્મતત્ત્વ
એવું અલક્ષ્ય લક્ષ્ય લેવું;
આદિમાં એક મધ્ય મિથ્યા અનેક છે
અન્તે તો એકમેક જેવું:–જિજ્ઞાસુ૦

આવું તેવું કે આમ તેમ એમ કોણ કહે
એને પ્રપંચપાર રહેવું;
એ તો વિશેષ્ય સત્ય ખોટાં વિશેષણો
અનુભવે ઓળખીજ લેવું:–જિજ્ઞાસુ૦

બ્રહ્મગુરુ વેદવાક્ય તત્ત્વમસિ તારનાર
કહે છે " હું અનુભવે સેવું; "
સમજી લે સાનમાં ને ઓળખી લે આપથી
સહેજે સ્વયંસ્વરૂપ એવું;–જિજ્ઞાસુ૦

卐

# કેસરીઆં

કેસરીઆં કરીને મહાલો રે; જંગે ચડયાં છો;
બખ્તર જુગજૂનાં ઘાલો રે; રંગે ચડયાં છો;

સનત્ જ્ઞાનની લો શમશેરો
નારદભક્તિ ભાલાં;
અર્જુનનાં આયુધ લો શૂરાં
બેઠાં કેમ નમાલાં ?
વ્હાલાં મરજીવાં થઇ ચાલો રે; જંગે ચડયાં છો;
કેસરીઆં કરીને મહાલો રે; રંગે ચડયાં છો.

વેદશાસ્ત્ર શિખવ્યાં બ્રહ્માએ
ધરો શૂરાતન સાચું;
જ્ઞાનકર્મનો યજ્ઞ ધખે ત્યાં
ભરો ન પગલું પાછું;
વ્હાલાં સ્વધર્મ સૌ સંભાળો રે; જંગે ચડયાં છો;
કેસરીઆં કરીને મહાલો રે; રંગે ચડયાં છો.

રામ કૃષ્ણનાં હાડ તમારાં
લોહિ નસેનસ ધૂજે;
એ વૈષ્ણવના વારસને આ
કાયરતા ક્યમ સૂઝે ?
વ્હાલાં વચન પુરાતન પાળો રે; જંગે ચડયાં છો;
કેસરીઆં કરીને મહાલો રે; રંગે ચડયાં છો.

મહાદેવ શિવ ઈષ્ટ શિરોમણિ
અનંગ બાળી બેઠા;
સ્મશાનમાં સ્વાહા કરી માયા
તત્ત્વ સનાતન પેઠા;
વ્હાલાં કામ ક્રોધને બાળોરે; જંગે ચડયાં છો;
કેસરીઆં કરીને મહાલો રે; રંગે ચડયાં છો.

એક મરે તો સઘળાં મરશે
એક જીતે સહુ જીતે;
હું-હું નો હુંકાર મરે તો
ભવભય સઘળો વીતે;
વ્હાલાં **अहम्** તત્ત્વમાં ગાળો રે, જંગે ચડયાં છો;
કેસરીઆં કરીને મહાલો રે; રંગે ચડયાં છો.

જંગે જે જીતે તે જીવે
અખંડ થાણું થાપે;
જંગે જે જન સામો મરશે
પંથ અગમનો કાપે;
વ્હાલાં હારજીત પ્રજાળો રે; જંગે ચડ્યાં છો;
કેસરીઆં કરીને મહાલો રે; રંગે ચડ્યાં છો.

પાપ પુરાતન પામરતાનાં
ઊભાં આવી સામે;
હાક કરો ભડ ! **ब्रह्मैवाहम्**
હઠે બધાં એ હામે;
વ્હાલાં ભેદ ભયાનક ટાળો રે; જંગે ચડયાં છો;
કેસરીઆં કરીને મહાલો રે; રંગે ચડયાં છો.

શિવોઽહમ્ સોઽહમ્ શબ્દધૂનથી
રણભૂમિમાં ઘૂમો;
શબ્દાતીત પ્રકાશ પુરાતન
પામી પ્રાણ ! ઝઝૂમો;
વ્હાલાં ૐ કારે સુરવાળો રે; જંગે ચડ્યાં છો;
કેસરીઆં કરીને મહાલો રે; રંગે ચડ્યાં છો.

વિજય વિજય ગુરુ ધન્ય ધન્ય ૐ !
વિજય પરાજય વીત્યા;
ગુરુ ગુરુ ગુરુ ૐ શબ્દ સનાતન
જંગ રંગ સહુ જીત્યા;
વ્હાલાં સ્વયંજ્યોતિ અજવાળો રે, જંગે ચડ્યાં છો,
કેસરીઆં કરીને મહાલો રે; રંગે ચડ્યાં છો.

卐

## નિત્યપાઠ

શું નિત્ય નવું નવું શીખવું ?
આ એક શાસ્ત્ર વિચારવું;
આ એકમાં જ અનેક સાધન
એ કદી ન વિસારવું.—શું૦

જે જે થતાં કૈં કર્મ તેમાં
સાક્ષી રહી સંભાળવું;
આ ચિત્ત જ્યાં જ્યાં દોડતું
પાછું બધેથી વાળવું.—શું૦

મન વાણી કાય વડે કદી
મન કોઈનું ન દુભાવવું;
મન જ્યાં કરે ગતિ ત્યાં બધેથી
આત્મકેન્દ્રે લાવવું.—શું૦

હું કોણ ? ક્યાંથી ? કેમ ? ક્યાં
આવી ચડયો ? જ વિચારવું;
નિજ ધર્મમાં સ્થિરતા ધરીને
હુંપણાને મારવું.—શું૦

ક્ષણ ક્ષણ નિરન્તર સાવધાન
રહી અલખ આરાધવું;
નરદેહ ઉત્તમ આ મળ્યો
સાધન અગમનું સાધવું.—શું૦

માટી મહીં માટી થશે આ
દેહ તે નથી ભૂલવું;
મન બુદ્ધિ ચિત્તની સાથમાં
અભિમાનથી નથી ફૂલવું.—શું૦

પ્રાચીન ઋષિ ગુરુદેવનું
નિજધામ જીવન દે નવું;
એ એક લક્ષ્ય ત્રિકાલ પર છે
વહેલું મોડું ત્યાં જવું.—શું૦

જીવ દ્વંદ્વની ચિન્તા કરે
પ્રારબ્ધને સંભારવું;
સન્તોષ શમ દમ શીલથી
સુખ આત્મતત્ત્વ વધારવું.—શું૦

ગુરુદેવ ઋષિગણુની કૃપાના
પાત્ર શિષ્ય બની જવું;
ગુરુદેવ શિરસાવંદ્ય
શ્રદ્ધાશાસ્ત્ર નિત્ય ભણી જવું.—શું૦

પુરુષાર્થ દૃઢ વૈરાગ્યબલ
અસિધાર પર છે ચાલવું;
સામર્થ્ય અભ્યાસે ભરીને
મુક્ત જીવન મહાલવું.—શું૦

શું વર્ણવે સ્થિતિ વૈખરી?
મન વાણી પાર મળી જવું;
વિરલા અનુભવીનું સ્વયં
ગુરુ રામ માહીં ગળી જવું.—શું૦

卐

ૐ

## જાગ્રતિબોધ

મિથ્યા સહુ જલ્પના જવા દે; જિજ્ઞાસુ જીવ !
સહેજે જે થાય તે થવા દે.

થયું થશે થાય બધું દૃશ્ય ધર્મ કર્મ જાલ
એમાં નહિ ચિત્ત ચોંટવા દે;–જિજ્ઞાસુ૦

તું વિશુદ્ધ દૃષ્ટિરૂપ કાલ કર્મ ધર્મ હીન
મોહમાં ન બુદ્ધિ બૂડવા દે;–જિજ્ઞાસુ૦

આમ કરૂં તેમ કરૂં ચિન્તા પ્રલાપ ક્રિયા
ત્યાગે તો ચિત્ત ત્યાગવા દે;–જિજ્ઞાસુ૦

નિષ્ક્રિય નિષ્કામ નિરાભાસ તું અખંડ એવું
નિષ્ઠાવિજ્ઞાન જાગવા દે;–જિજ્ઞાસુ૦

સત્ત્વ રજો તમના સુખ કર્મ ને પ્રમાદ ત્રણે
દેહધર્મ વીતે વીતવા દે;–જિજ્ઞાસુ૦

હાય ! કશું થાય નહિ કરવું છે ખૂબ હજુ
તૃષ્ણા ઉર એ ન ઊઠવા દે;–જિજ્ઞાસુ૦

અન્તરમાં આત્મજ્યોતિ શુદ્ધ બુદ્ધ તત્ત્વ ભર્યું
તેનો સદ્‌ભાવ ત્યાં થવા દે;–જિજ્ઞાસુ૦

તું તો અખંડ સાક્ષી દૃશ્ય સહુ નાશવાન
ખેલે તે ખેલવા દે;–જિજ્ઞાસુ૦

જડ ચેતનથી તું ભિન્ન સચ્ચિત્–આનન્દસુધા
પ્રેમામૃત ઝરણું ઝરવા દે;–જિજ્ઞાસુ૦

તેમાં ધોવાય કર્મ વાસના અવિદ્યા સહુ
હૃદયગ્રન્થિ સરતી સરવા દે;–જિજ્ઞાસુ૦

ઊકસ્યો ઉજાસ પડ્યાં પ્રેરણા પ્રકાશ બધે
ઝાંખી એ અન્તરે થવા દે;–જિજ્ઞાસુ૦

પામરતા પિંડની વિસાર પામ આત્મભાન
જૂની સૌ ઝંખના જવા દે;–જિજ્ઞાસુ૦

જો જો અલપાય દૃશ્ય વિલસે તું તત્ત્વ એક
એમાં ના દ્વૈત ભાસવા દે;–જિજ્ઞાસુ૦

કેવલ તું ગુણાતીત તત્ત્વમસિ લક્ષ્યભૂત
સ્ફુરણા ઉર એ ઉલાસવા દે;–જિજ્ઞાસુ૦

ગુરુપ્રતાપ આત્મભાન ઉલસ્યું ઉર ઊર્મિરૂપ
જ્યોતિ ક્ષણ એ ન બૂઝવા દે;–જિજ્ઞાસુ૦

આપ્તકામ ૐ સ્વરૂપ હું સ્વયં અખંડ પૂર્ણ
એ વિના ન વૃત્તિ સૂઝવા દે;–જિજ્ઞાસુ૦

卐

## એનાં આવરણ

એમ કહો કે રશ્મિરાજ રવિ કેવલ **એ**ની પ્રતિકૃતિ;
એમ કહો કે મનુષ્ય **એ**ની અવિકલ અદ્‌ભુત એક કૃતિ.
એમ કહો કે નભ નક્ષત્રે **એ**જ પાડતો દિવ્ય પ્રકાશ;
એમ કહો કે પુષ્પ સુગંધે **એ**નાં ખીલે અનુપમ હાસ.

એમ કહો કે કોકિલકંઠે ઠરી કરે **એ** દૈવી ગાન;
એમ કહો કે વિશ્વવાયુમાં **એ**જ વહે છે પ્રાણાપાન.
એમ કહો કે મેઘવૃષ્ટિમાં **એ**જ કરે છે અશ્રુપાત;
એમ કહો કે શીતકાલમાં **એ**જ સૂએ છે આખી રાત.

એમ કહો કે કલકલ કરતી નદીઓમાં **એ** દોડચો જાય;
એમ કહો કે ઈન્દ્ર ધનુષ્યની કમાનમાં હીંચકતો જાય.
એમ કહો કે કિરણધાર પર ચડી વ્યોમમાં **એ** વિહરે,
એમ કહો કે દિવ્યમંત્રથી જન ઉર ભક્તિભાવ ભરે.

卐

# મારી પિછાણ

કહો કયમ આપું મારી પિછાણુ ?
કરૂં કયમ મારાં હુંજ વખાણુ ? —કહો૦

દશ્ય નિહાળતાં માનવ તન છે વહેતો શ્વાસોચ્છ્વાસ;
નામરૂપ ગુણ કર્મ ધર્મ સહુ મિથ્યા દેહાધ્યાસ.—કહો૦

ઉન્મન થઈ અન્તર ઘટ જોતાં અદ્ભુત એકાકાર;
કાયા માયા લીન થતાં ત્યાં થાય અલખ અવતાર.—કહો૦

બોલચાલ ઊઠબેસ બધો એ ઈન્દ્રિયનો વ્યવહાર;
દેહમંદિરે દેવ વિરાજે વ્યાપક વિશ્વાધાર.—કહો૦

જયમ જયમ દૃષ્ટા દશ્ય વિલોકે ત્યમ ત્યમ વધતા ભેદ;
નિર્વિકલ્પ એ એકજ પોતે થતાં દ્વૈત ઉચ્છેદ.—કહો૦

ઉચ્ચ નીચ ગુરુ લઘુ સમ જોયા જોયા સ્વામી દાસ;
એકજ રામ રમે ઘટઘટમાં કેવલ આત્મવિલાસ.—કહો૦

ગુરુગમલીલા ગુરુજી જાણે શું જાણે મતિમંદ;
ગુરુપ્રતાપ સમરસ અનુભવતાં સ્વયં સચ્ચિદાનંદ.—કહો૦

卐

## મારા જેવા

મારા જેવા હશે કેટલા મૂરખ ને પાખંડી;
પરમહંસ, વૈરાગી, જતિ મુનિ સંન્યાસી ને દંડી.

ત્યાગ રાગના અર્થ કરે કંઇ ઊંધા મારી મચડી;
યોગ સાધતાં સિદ્ધિ સાથે ઉલટે મારગ ચડી.

જ્ઞાન કર્મના વાદ વિવાદે કરતા અથડા અથડી;
મોક્ષ પામતાં મનને મારગ ભૂલી પડતા લથડી.

માયોપાધિ મનનું કારજ એ કૂંચી નહિ જડી;
બ્રહ્મ સત્યને અદ્ધર રાખે માયા ભોગ પડી.

ખૂબ શિખ્યા વૈરાગ ભક્તિ પણ અંતર ના ઊઘડી;
"શિવ હું શિવ હું" નિત્ય જપે પણ આત્મપ્રભા ન પડી.

ઘર ઘરની મધુકરી ખાધી પણ અહમ્ રહ્યો જકડી;
કૌપીન એક થકી જ ચલાવ્યું તો પણ તૃષ્ણા ખડી.

ક્ષુધા તૃષા ને શીત ઉષ્ણના તપમાં બેઠા ચડી;
સંપ્રદાય ને નામચિન્હમાં સહેજે પડતા લડી.

કલિયુગમાં નથી સેવા ભક્તિ ચિંતા ચિત્ત ખડી;
પરાઈ વાતે જીભડી જબરી જપે ન રામ ઘડી.

યોગક્ષેમમાં વિઘ્ન આવ્યું ત્યાં વિરાગ આવ્યો ચડી;
નામ માત્રના ગુરુ શોધવા પહોંચે બાવામઢી.

ગુરુજી ત્યાં તો તયાર બેઠા લઇ ગેરુગાંગડી;
માથું મુંડાવ્યું કપડાં રંગ્યાં ચડયા શિષ્ય ચાંખડી.

ગુરુગમ ગુરુ પોતે નથી પામ્યા ચેલાને શી પડી;
ભીખભેખ પામ્યા ભગવામાં પેટ ભરે રખડી.

ક્ષમાદષ્ટિથી જોજો સન્તો ! મારે મારી પડી;
આપ સર્વ સાક્ષાત્‌ હરિ છો મમ બુદ્ધિ બગડી.

સાધન સાચું સદ્‌ગુરુ ! યાચું મારાં દુઃખડાં રડી;
સાર્થક કરૂં માનવતન દુર્લભ ધર્મકર્મથી જડી.

તર્યાં તારવ્યા અનેક જેને ગુરુગમચાવી જડી;
સન્ત સાધુની દાસ સ્વયં પર કરુણાદૃષ્ટિ પડી.

卐

## સાધુઓની ટોળી

અમે તો સાધુઓની ટોળી;
વસ્ત્રો જ્ઞાનગેરુમાં બોળી;
પીધાં અમૃત ઘોળી ઘોળી;
વિશ્વ વિહાર કર્યાં.

સાથે દીધી સુદામે ઝોળી;
અંગે પ્રેમવિભૂતિ ચોળી;
મૂકી માયા મનની મોળી;
ભેદો ભસ્મ કર્યાં.

ચોળી મીરાંબાઈની અંગે;
કીધાં લગ્ન કૃષ્ણવર સંગે;
પામ્યાં પ્રેમાદ્વૈત પ્રસંગે;
સત્ય સતીત્વ વર્યાં.

ભક્તિ નરસૈયાની ભારી;
વાણી અખાભક્ત પર વારી;
ધીરે પદ આશ્રમ ઉદ્ધારી;
મુક્તિ મંત્ર સ્મર્યાં.

દીક્ષા દત્ત દિગમ્બર દીધી;
શિક્ષા સીધી શિવની લીધી;
ભિક્ષા ભક્તિભાવરસ પીધી;
મોહ મમત્વ મર્યાં.

કરણી કાયાની સહુ કાચી;
સ્મરણી શ્રી ગુરુ સાચેસાચી;
તરણી રામનામની યાચી;
લોક વિલોક તર્યાં.

ગાવાં રામઋષિનાં ગાણાં;
ગાંઠે નારાયણનાં નાણાં;
ભાવે ભર્યાં અમારાં ભાણાં;
અમૃત ભોગ કર્યાં.

卐

## મંગલ ગીત

અમારાં મંગલ મનહર કામ
વિશ્વમાં મંગલ આચરીએ;
શિવોऽહમ્ સુન્દર સુખકર નામ
અન્તરે અમૃત એ ભરીએ-ટેક૦

મૃત્યુ જીવતાં માણી લીધું
યમને દીધી ફાંસી;
કુબેરનો ભંડાર લૂંટાવ્યો
કરી ઈંદ્રની હાંસી;
બાળી સ્વર્ગ નરકનાં ધામ
અમે અહીં અજરામર ફરીએ;
તમારે અન્તર કરી વિશ્રામ
નિરન્તર વિહાર ત્યાં કરીએ.-અમારાં૦

ઊલટી વાણી ઊલટું જીવન
અવળી ગમ્મત સૂઝે;
જાણે તે જન માણે એવી
વાતો વિરલા બૂઝે;
આવે શૂરા એ સંગ્રામ
જીવનને જીતીને મરીએ;
પામતાં નામ વિનાનાં ધામ
સર્વથા સિદ્ધિ એ વરીએ.–અમારાં૦

એક નૃપતિની એમ કથા કે
નિત્ય પ્રજાને લૂંટે;
પ્રજા રંકનો અન્ત આવતાં
પોતે મરીને છૂટે;
કિન્તુ વસતું એકજ ગામ
અમે ત્યાં નિર્ભય થઇ ફરીએ;
રાજ્યનું એજ અવિચલ ધામ
રિદ્ધિ એ અખંડ ત્યાં વરીએ–અમારાં૦

એક પુરુષને નારી નિરખી
મોહ અન્તરે વ્યાપ્યો;
રાગ રમીને થાકી અન્તે
હત્યા કરીને કાપ્યો;
એ તો ખરૂં પ્રેમરસપાન
સત્યને સન્મુખ આ ધરીએ;
અન્તમાં અવિચલ પ્રેમ નિદાન
શાન્તિને શીતલ સરવરીએ.–અમારાં૦

એક પુરુષને કોઇએ આપી
તેજીલી તલવાર;
મારું મારું કરતાં અન્તે
કરે પોતાને ઠાર;
કેટલાં ગણવાં આવાં કામ
જીવનની જ્યોત એમ ધરીએ;
સુણાતાં કાયરનાં સૌ નામ
તોય આ હિમ્મત કૈં કરીએ.–અમારાં૦

વસ્તુ માત્ર સહુ તત્ત્વે ફેંકી
પંચ ભૂત ભ્રમ ભાગ્યા;
ટહાડ તાપ ને ભૂખ તરસના
ભોગ મળ્યા વણમાગ્યા;
પામી નિજાનન્દ વિશ્રામ
દ્વંદ્વ એ સઘળાં વિસ્મરીએ;
સર્વદા શુદ્ધ શિવોઽહમ્ ૐ
પ્રેમનો પરિમલ પરવરીએ.–અમારાં૦

કર્મેન્દ્રિય સૌ કાયર થઇને
કાયાનો ગઢ ચૂકી;
જ્ઞાનેન્દ્રિય સૌ ગળી જ્ઞાનમાં
અધર્મ સઘળા મૂકી;
ગાળી મન બુદ્ધિ અભિમાન
યજ્ઞમાં આહુતિ ધરીએ;
ઊઠે ત્યાં અદ્ભુત જ્વાલા જ્ઞાન
ભસ્મ સૌ ભ્રમણા ત્યાં કરીએ.–અમારાં૦

ચડે ઊતરે જીવ બાપડા
એ અન્ધારે બૂડ્યા;
અગમ નિગમનાં વિમાન બાંધી
અમે એકલા ઊડ્યા;
કિન્તુ વિયોગમાં ય પ્રણામ
સર્વને ચેતવવા કરીએ;
ઊઠે જે લાવી અન્તર હામ
તેમના દાસ બની ફરીએ.-અમારાં૦

આળસ અદ્‌ભુત ઊભરાતું ને
કંઠ પ્રાણને ઘૂંટે;
બોલનારના બોલ ખૂટે સૌ
ગાંઠ હૃદયની છૂટે;
કિન્તુ સન્દેશાનાં કામ
બનીને મૂગા ઉચ્ચરીએ;
પામશે વિરલો એ પેગામ
એમનાં ચરણામૃત કરીએ.-અમારાં૦

જ્યાં બેઠા ત્યાંથી શું કહેવું
કોણ કોણને પૂછે ?
એક રડે ત્યાં અન્ય ગળે છે
કોણ આંસુડાં લૂછે ?
આપી આંસુના અભિરામ
વેદના અન્તરની હરીએ;
કિન્તુ હર્ષરુદનનાં નામ
આપવા કેવલ અવતરીએ.-અમારાં૦

કરે નિમંત્રણ કોણ કોણને
આવનાર તો આવે;
જવું આવવું જાય સામટું
કોણ કોણને લાવે ?
બેઠા ઠરી નિરાંતે ઠામ
વાણીએ વાત ન ઉચ્ચરીએ:
સમજતાં ઊપજે અન્તર હામ
સાધના સાચી આ ધરીએ.–અમારાં૦

શ્રી સદ્‌ગુરુની કૃપા મળે
તે અજ્ઞાનીને આંખો;
ઊડવું હોય તે ઊડે એકલો
સ્વયં પંખીને પાંખો;
લેતાં નારાયણનું નામ
ત્રિભુવન તરણીથી તરીએ;
ન કહેતાં કહેવાયું કૈં આમ
શાંતિ ને સત્યે સંચરીએ.–અમારાં૦

卐

## રમતા રામ ([illegible])

અમે તો સદાય રમતા રામ
અન્તરે નિજાનન્દ ઉભરાય;
તમારાં અન્તર એ અમ ધામ
નિરન્તર સુખરૂપે સોહાય.–ટેક.

પ્રણવની ધૂન અમારૂં ગાન;
સ્વરૂપે સ્થિતિ સર્વદા ધ્યાન;
શિવોऽहम् સત્ય સનાતન જ્ઞાન;
વાયુમાં લહરિ થઇ પમરાય.–અમે૦

રસામૃત નિત્ય અમારૂં પાન;
તમારા નિજાનન્દ સન્માન;
હૃદયના લ્હાવ અમારાં દાન;
પરસ્પર એક બનાવી જાય.–અમે૦

એકલા એજ અમારી જાત;
સર્વદા ભમતી જોગીજમાત;
અમારા દિનમાં સૌની રાત;
જાગૃતિ જગતે એ પથરાય.–અમે૦

જીવનની જ્યોત જગે વિખ્યાત;
અમરતાભરી ભલી એ ભાત;
અબોલી રહે સદા સહુ વાત;
પરન્તુ સર્વ સાંભળી જાય.—અમે૦

સદાના સાધ્યા સીધા યોગ;
મોહના મૂકયા મોટા રોગ;
દેહના ત્યાગ્યા ખોટા ભોગ;
ભક્તિના મીઠા થાળ ધરાય.—અમે૦

સ્વર્ગના છોડયા સુન્દર લોભ;
ચિત્તના તોડયા કડવા ક્ષોભ;
અમારે મન્દિર મુક્તિમોભ;
સર્વદા આશ્રયદાતા થાય.—અમે૦

ગળે આ પંચભૂત સંઘાત;
ટળે સૌ પ્રપંચની પંચાત;
સપ્ત પાતાળજ લોકે સાત;
આવતાં સંઘાતે તરી જાય.—અમે૦

આવશે કોણ અહીં કંગાલ?
ગયા પર વસ્તુ દેશ ને કાલ;
સ્વયં શું વર્ણન કરવા હાલ?
શાન્તિમાં શબ્દ ગળી સૌ જાય.—અમે૦

卐

# પૂરો

પૂરો જે પૂરાને જાણે, હો ભગવન્ !
પૂરો જે પૂરાને જાણે !
પૂરો જે પૂરાને મહાણે, હો ભગવન્ !
પૂરો જે પૂરાને મહાણે.

પૂરાની પાર છે પહોંચેલો પૂરો;
પૂરાને અન્તર વ્યાપેલો પૂરો;
પૂરો એ બહાર પ્રમાણે—
હો ભગવન્ !— પૂરો૦

પૂરા તે જડમાં પૂરૂં છે ચેતન;
પૂરા તે ઘનમાં પૂરૂં છે ચિદ્‌ઘન;
પૂરો એ જાણે અજાણે—
હો ભગવન્ !— પૂરો૦

માટીનું વાસણ માટી કહેવાનું;
સોના આભૂષણ સોનું રહેવાનું;
હીરો તો હીરાની ખાણે,
હો ભગવન્ !— પૂરો૦

દ્રષ્ટા ને દ્રશ્યનું દર્શન પૂરૂં;
ખાલી ખોખાને તો સૌએ અધુરૂં;
પૂરો પૂરૂં કરી જાણે,
હો ભગવન્ !— પૂરો૦

પૂરણ બ્રહ્મ સ્વયં પુરુષોત્તમ;
લઘુતમ પૂરો ને પૂરો મહત્તમ;
પૂરો પૂરાને વખાણે,
હો ભગવન્ !— પૂરો૦

卐

# મુક્તાફલ

મળીઆં મુક્તાફલ માગ્યાં,
સન્તોષી ! મળીઆં મુક્તાફલ માગ્યાં.

યાત્રા બધી પૂરી સદ્‌ગુરુચરણે;
ગંગા ને જમના તો ગોળીને ગરણે;
હરિજન તો રહેશે હરિ સન્તશરણે;
તન મન ધન સહુ ત્યાગ્યાં.–સન્તોષી૦

ભોજનમાં ભગવાન જમાડું;
સેવા પૂજા સંતસાધુનું ધાડું;
આરાધું બ્રહ્મ અખંડ ઊઘાડું;
સૂતાં કિરણ હવે જાગ્યાં.–સન્તોષી૦

પાઠ પૂજા બધી સેવા સામગ્રી;
પંચ મહાયજ્ઞ સંધ્યા ગાયત્રી;
જપ તપ ધારણા ધ્યાન સમાધિ;
શબ્દ સોઽહમ્ બાણ વાગ્યાં.–સન્તોષી૦

બ્રહ્માએ માયાને ચાક ચડાવી;
ભોગવશે ભોગી ઘાટ ઘડાવી;
હું તો થાક્યો હવે લાડ લડાવી;
પિંડ બ્રહ્માંડ બે ભાગ્યાં.–સન્તોષી૦

નાચું સ્વયં નિત્ય રાસ રમું છું;
બેસું ઊઠું રસભોજ જમું છું;
હું મને પોતાને ખૂબ ગમું છું;
અમૃત બ્રહ્મ આરોગ્યાં.–સન્તોષી૦

卐

# અલખ જાગે

અલખ અવધૂતની ઝોળીઃ
વિભૂતિ શિવ બદન ચોળી;
અહમ્ પીધું અમલ ઘોળી;
અલખ જાગે અલખ જાગે.

અનુભવની જગે જ્વાલા;
હું-તું-માયા કર્યું સ્વાહા;
શિવોऽહમ્ ૐ જપે આહા !
અલખ જાગે અલખ જાગે.

ભજન ને ભાવ આરાધ્યાં;
નિયમ યમ જપ તપો સાધ્યાં;
સમાધિ સિદ્ધિ સૌ લાધ્યાં;
અલખ જાગે અલખ જાગે.

રહે જ્યાં તન બધે નિર્જન;
જશે જ્યાં મન બધે ચિદ્‌ઘન;
સમર્પણ સૌ અહમ્ તનમન;
અલખ જાગે અલખ જાગે.

સ્વયંજી ૐ જપે પલપલ;
રમે ૐ રામજી જલ સ્થલ;
ગુરુગમની અગમ હલચલ;
અલખ જાગે અલખ જાગે.

卐

# કૈં એ પરસ્તી ઑર છે

ફુલફુલ ઝુલે ભમરો ભરે;
બુલબુલ ગુલે મુજરો કરે;
કુલમુલ્ક એ ખુશરો ફરે;
કૈં એ સવારી ઑર છે.

દર દર બદન ફરતું ફરે;
સર સર સલામ ઝુકી ધરે;
ભર ભર સીસા ખાલી કરે;
કૈં એ શરાબી ઑર છે.

મય ખૂબ આશકને લબે;
મહબૂબ માશુક ત્યાં ઢબે;
પણ રૂબરૂ નહિ એક બે;
કૈં એ પરસ્તી ઑર છે.

卐

## ફરું હરદમ હકીકતમાં

જબાં પર છે અનલહક બાંગ;
બદન પર છે ફકીરી સ્વાંગ;
ધરી હાથે ગઝલ કુલ ડાંગ;
ભમું ચોમેર ખલ્કતમાં.

ધર્યું એ તાજ શાહી સિર;
મીનોઈ ખ્વાબની તાસિર;
સનમના હુશ્નની તસ્વીર;
દઉં દીદાર ઉલ્ફતમાં.

ચડયો હોઠે શિરાઝી જામ;
શહીદ બસ એ જિગરમાં હામ;
અસલ એકજ હકીકી કામ;
ફરું હરદમ હકીકતમાં.

卐

## ફનાફિશાહ – ફનાફિલ્લાહ

હવે રાહત ! હવે ફરહત ! હવે રંગત નવી જામી;
વટાવ્યું મોત ત્યાં આ જિન્દગી દોલત નવી પામી.
અહીં સોનું પણે મોતી બધા એ કીમિયા કિસ્બી;
જહાં ફૂકી, અજબ હિકમત ! હવે ખુદ એ ફરે તસ્બી.
જહાં લૂટે જવાહિર કોયલે કાળું કરે કિસ્મત;
અહીં અણમોલમાં દુનિયા ગુમાવે છે બધી નિસ્બત.
ખજાના–યે–પરસ્તીની નથી કીમત કદી સસ્તી;
ખુદી દેવી ખુશી લેવી અજબ આશકતણી મસ્તી.
દખલ દુનિયા કરે તેને દુઆ દીધી શરાબીની;
સનમ સાકી રીઝાવે ત્યાં પડે ઇલ્લત ખરાબીની.
અહા આ દિલ બદન દીદાર પર્દો સૌ પરે ઊડયા;
શકલ ગાયબ કરી ત્યાં બૂતનાં બીમાં બધાં બૂડયાં.
જિગર શાદી બદન ખુશબો લબે હરદમ ગઝલ ગેબી;
હઠી સૌ પ્યાસ ત્યાં આબે–હયાતે જીભ થઈ મીઠી.
ઊડી સૌ ખ્વાબની ખલ્કત ઝગી આ જિન્દગી રોશન;
હકીકી નૂર ચશ્મે ને જહાં સારી બની ગુલશન.
ફરે ચક્કર મિહર દુનિયા સિતારા આભમાં ઘૂમે;
ચડે સિર તાજ શાહી ત્યાં બધા બંદા કદમ ચૂમે.
સ્વયં વહોરી લીધી આફત સ્વયં મિહરે ભરે જલ્વા;
સદા–યે–હક અહા ! તનહા ! ફનાફિશાહ–ફનાફિલ્લા.

## હક જબાં આવે નહીં

દિલ ચડયું ચરખે–મિહર દુનિયા નજર આવે નહીં;
છો ગ્રહણ લાખો થતાં છાયા નજર આવે નહીં.

સખ્ત આતશ ને ભભૂકે એ બલા બાળી મૂકી;
ચાંદ કે ચક્કર જહાં હાવાં નજર આવે નહીં.

ખુદબખુદ હું રોશની આ અકસ સામે ઊડતું;
એ પિછાનોની અલગ માયા નજર આવે નહીં.

મોજમાં મગરૂર કૈં દાવા સનમ સાકી કરે;
કોણ શું કયમ એ ખુદી લેકિન નજર આવે નહીં.

અય બલા શયતાન એ બકવાટ આદમ જાતના;
ખુદ ખુદાને તો શકલ દીગર નજર આવે નહીં.

એ જહાં જિન્નત જહન્નમ સૌ પુકારો તિફલના;
આ અનલ હકમાં જહાં જિન્નત નજર આવે નહીં.

'ફેંક દિલબર રોશની' એ હુકમ આશકના ગયા;
બંદગી કહેવા હવે બંદો નજર આવે નહીં.

નૂર, માશુક, ઈશ્ક, કાતિલ, જખ્મ, કે આરામ શું ?
હક અનલ હક બસ જબાં ચુપ ! હક જબાં આવે નહીં.

卐

## અમૃતવર્ષા

શિવ શિવ હર હર બમ બમ બમ !
અમૃત ઝડી ઝરતી રમ ઝમ !
મંદ મંદ મધુ કલરવ કરતી;
વ્યોમવૃષ્ટિ શાન્તિકર સરતી;
આનંદ આનંદ છે હરદમ,—શિવ૦
ગગનગુહામાં નભ ગડગડતાં;
હર હર શિવ ઓમ્ ધ્વનિ ધડધડતાં;
ગ્રહમંડળ તૂટે ધમ ધમ,—શિવ૦
વિજય મહોત્સવ એ સહુ ઉજવે;
જય જય કાર બધે નભ ગજવે;
કૂચ કરે લશ્કર અણનમ,—શિવ૦
રત્નખાણુ ઊછળી પડી વ્યોમે;
અવનવીન ગ્રહ ઝરતા ભોમે;
અસંખ્ય ઊમટયાં જગ જંગમ,—શિવ૦
પ્રજા પરસ્પર લડી લડી મરતી;
પીપલપાન સમી પછી ખરતી;
રણશીંગાં ફૂંકે ધમ ધમ,—શિવ૦
વિષયી વિષયમહીં સડી મરતાં;
વિવિધ વાસનાવશ અનુસરતાં;
ભવચક્કર એ યોગરહમ,—શિવ૦

પંચ પ્રાણ મુજ શ્વાસ ચલાવે;
સચરાચર ચેતન ચમકાવે;
મૃદુ મધુ મહેકાતો મકરન્દ,—શિવ૦

પ્રકૃતિ પરમાનન્દ ઉજવતી;
રસીલી રાસક્રીડોત્સવ રમતી;
તાલબદ્ધ નાચે રુમઝુમ,—શિવ૦

વલ્લી વૃક્ષ સહુ લળી લળી નમતાં;
તુષારકણ સમ પુષ્પ વિખરતાં;
ડગમગ ડોલે વન ઉપવન,—શિવ૦

મંજુ મંજુ મદભર મધુ વાયુ;
સાંધી સુધારે તૂટયા સ્નાયુ;
શીતલ સુખકર મનહર રમ્ય,—શિવ૦

મમ પ્રકાશનિધિ ભરતી ભરતો;
તટ તોડી બધું રસબસ કરતો;
લહેરાતા એ વિશ્વ તરંગ,—શિવ૦

આત્મભાનુ ઉર પ્રદેશ ઊઘડયો;
અરુણ ઉજાસ અખંડિત ઊમટયો;
અનુપમ અંગેઅંગ ઉમંગ,—શિવ૦

રસભર ભર્યું બ્રહ્માંડકમંડળ;
પત્રાવલી પીરસી રસમંડળ;
આરોગો સહુ રામ પ્રસન્ન,—શિવ૦

卐

## ૐ ગુરુ

ૐ ગુરુ ૐ સુખપોષક શ્રી પ્રભુ !

અરુણબોધ ઉરમન્દિર ઊઘડે;
કિરણકલાથી તમોદલ ઊખડે;
પ્રખરરશ્મિ મલશોષક શ્રી પ્રભુ !
ૐ ગુરુ ૐ સુખપોષક શ્રી પ્રભુ !

નસ નસમાં નવ ચેતન ચમકે;
મતિ ગતિ કૃતિમાં પ્રમાદ ન ટકે;
તન મન અમૃતતોષક શ્રી પ્રભુ !
ૐ ગુરુ ૐ સુખપોષક શ્રી પ્રભુ !

ગુણમય બંધ સ્વયં સહુ વિખરે;
અવિરત અમૃત અન્તર ઊભરે;
પ્રકટ મંત્ર ૐ ઘોષક શ્રી પ્રભુ !
ૐ ગુરુ ૐ સુખપોષક શ્રી પ્રભુ !

卐

# રામપ્રકાશ

પ્રભુ ! પુણ્ય પુરાતન ઊમટયાં રે; રામ મળ્યા;
ગુરુ ! ભાગ્ય ખરેખર ઊઘડયાં રે; રામ મળ્યા.

જ્યાં " હું " હતો પ્રભુદર્શન નહોતાં;
ઘટ ઘટ પ્રભુ " હું " પણું બધું ખોતાં;
" હું " મરતાં પ્રભુ પ્રકટયા રે; રામ મળ્યા;–પ્રભુ૦

જ્યાં અહમાસુર જીતી માર્યો;
પ્રભુએ પ્રેમ કરી ઉર ધાર્યો;
વિજય મહોત્સવ ઉજવ્યા રે; રામ મળ્યા;–પ્રભુ૦

ભેદપટાન્તર દૂર ઊતાર્યાં;
પ્રભુદર્શન કરી નયનો ઠાર્યાં;
ભય ભ્રમણા સૌ ટાળ્યાં રે;–રામ મળ્યા;–પ્રભુ૦

શોધી શોધી વય વ્યર્થ ગુમાવ્યું;
અંતરપુર દર્શન ભલું ભાળ્યું;
રામ દશે દિશ ઝળકયા રે;–રામ મળ્યા;–પ્રભુ૦

卐

# અલિંગી અવધૂત

હું તો અવધૂત એક અલિંગી.

જટા વધારી જંગલ ઘૂમું વસ્તી માહીં અસંગી;–હું તો૦
જ્ઞાન ભક્તિની પાંખ ચડાવી ઊડું વ્યોમ બની પંખી;–હું તો૦
પશુ પક્ષી જડ જીવજંતુમાં રમું એકરસ રંગી;–હું તો૦
પંચ ભૂતમાં ભરું ગતિ બની પ્રાણ બ્રહ્મનો અંગી;–હું તો૦
અણુ પરમાણુ પૃથ્વી તત્ત્વમાં વ્યાપ્યો બની સુગંધી;–હું તો૦
જલમાં સ્વાદ બધા ચાખું છું ભોગવું ભોગ અનંગી;–હું તો૦
તેજરૂપમાં નામ માત્રનો ઘટ ઘટ ઘાટ અભંગી;–હું તો૦
વાયુસ્પર્શમાં ભેદ પ્રિયાપ્રિય ખેલું ખેલ અપંગી;–હું તો૦
વ્યોમશબ્દમાં ઊઠું ગર્જના જપું શબ્દ સોહંગી;–હું તો૦
નામ રૂપ ને વસ્તુ ક્રિયાત્મક માયા આ અચમ્બકી;–હું તો૦
અનેક હું છું એકજ હું છું લીલા સ્વયં સળંગી;–હું તો૦

卐

# ચન્દ્રિકાને

અયિ ચન્દ્રિકે !

અતિ ઉચ્ચ ગિરિશૃંગે ચ્હડી
ચર્યા બધીય નિહાળતી;
એકાન્ત આ મુજ પર્ણકુટિમાં
દૃષ્ટિ ઝાંખી ઢાળતી.

રસબાલિકે !

શરમાળ મુગ્ધાશી ધીમે
બધું આસપાસ વિલોકતી;
અમ્બર સમે ફીકે વદન
સહુથી ડરીને ચાલતી.

નભતારિકે !

અતિ નમ્ર શાન્ત ગંભીર તોયે
સાહસો બહુ ખેડતી;
તુજ ધૈર્ય એ અતિ ધન્ય વહાલી !
શાન્તિ અનુપમ રેડતી.

ઉરનાયિકે !

અતિ ગુપ્ત વેશવિહારિણિ !
વાતાયનેથી પ્રવેશતી;
ભૂમિ તેજથી ભરીને ભલી
શય્યા પરે સહ લેટતી.

નવજીવિકે !

ઝૂકી પ્રેમકોમલ ભાવથી
મૃદુ ભ્રમરને ચુમ્બન કરે;
રમવા મનોહર સૌ વિહારો
નેત્રની નિદ્રા હરે.

સુખદાયિકે !

તુજ કાન્તિની કિરણાંગુલિ
ઝગમગ થતી અહીં આવતી;
એ સ્પર્શ મૃદુ સુન્દર મધુ
ભ્રમ મોહ નિદ્રા ભાગતી.

અયિ ઓ પ્રિયે !

આ આસપાસ પ્રકાશમાં
બન્ને અભેદ વિરામીએ;
દઢ પૂર્ણ પ્રેમાલિંગને
નિજરૂપ સુખ સહુ પામીએ.

નિજ આત્મિકે !

શયને પડ્યાં મધુપાન કીધાં
પ્રેમમાં રસબસ ઢળ્યાં;
એ રામ રસપાને પરસ્પર
એક અદ્વૈતે ગળ્યાં.

卐

## સાધન ચતુષ્ઠય

શિષ્ય ! આ સાધન સંઘરજે;
આસુરી સ્વભાવ પરહરજે.

તન મન ધન પ્રભુદીધાં પામ્યો પામ્યો માનવ નામ;
પ્રભુદીધું પ્રભુચરણે ધરીને બંધવિમોચન પામ;
જન્મ આ સાર્થક તું કરજે,—શિષ્ય૦

વિશ્વ વિરાટ વિહારક્ષેત્ર મહીં વસ્તુસમૂહ વિશાલ;
પ્રભુસુત તું પ્રભુમાં લય પામી ત્યજ આ માયાજાલ;
તત્ત્વમાં તત્ત્વરૂપે ઠરજે,—શિષ્ય૦

તન મન ધનનો મોહ વધે તો વધે અહમ્મમપાશ;
કીર્ત્તિવાસના કરે સમૂળો માનવતાનો નાશ;
સર્વ એ શ્રી હરિનું ગણજે,—શિષ્ય૦

ગુણમયી માયા ગુણ પ્રકટાવે અનાત્મ ઊમટ્યાં રૂપ;
નામ રૂપ ગુણ ભાસ વિસારી ઓળખ આત્મસ્વરૂપ;
વિચારી વિવેક વાપરજે,—શિષ્ય૦

ધનઉદારતા ધનમદ લાવે મનઉદાર મદમાન;
તનઉદારતા તેજ વધારી ઉપજાવે અભિમાન;
બધે ત્યાં વિરક્તિ તું વરજે,—શિષ્ય૦

આ વ્યવહાર વિચિત્ર વિકારી વિડંબના વિક્ષેપ;
ઉર ઉકળાટ વધે ત્યાં ક્ષણ ક્ષણ સ્મર શ્રી ગુરુ નિર્લેપ;
નિત્ય ત્યાં શમ ગુણ સાચવજે,—શિષ્ય૦

ઈંદ્રિયગણ ઉદ્ધત બની ઘૂમે પંચ વિષય પરિવાર;
સંયમબલ અણધાર્યું તોડે અરિદલ અપરંપાર;
વીર તું **દમન** શસ્ત્ર ધરજે,—શિષ્ય૦

કર્મભોગ પ્રકટ્યા વિધવિધ ત્યાં વધે વાસનાલેશ;
આદ્ય અવિદ્યા અટપટી ખેલે ઉર ઉપજાવે કલેશ;
ત્યાંથી તું **ઉપરતિ** અનુસરજે,—શિષ્ય૦

રાગ દ્વેષ માનસ ભયસાગર જન્મ મરણ તનભોગ;
પ્રાણાપાન ગતિ પ્રકટાવે ક્ષુધા તૃષાના રોગ;
**તિતિક્ષા** તરણી લઈ તરજે,—શિષ્ય૦

શાસ્ત્રસમુદ્ર ભર્યું જલ ખારૂં ગુરુમુખ અમૃતપાન;
આત્મસમર્પણ અવિચલ કરજે ત્યાગીને અભિમાન;
સરલ થઇ **શ્રદ્ધામાં** ઠરજે,—શિષ્ય૦

પ્રમાદને પરહરી સ્મૃતિ શોધી લક્ષ્ય વિષય ઉર ધાર;
તત્ત્વવસ્તુ વ્યતિરેક બધું એ વિષસમ તું પરિહાર;
શાંત થઈ **સમાધાન** ધરજે,—શિષ્ય૦

ક્ષણ ક્ષણ વિણસે એ દુઃખદૈતે બંધ ન વ્યર્થ વધાર;
આત્મવિચાર કરી અતિ ઉત્તમ માનવજન્મ સુધાર;
**મુમુક્ષા** અન્તર આદરજે,—શિષ્ય૦

સાધનધન સુખ સંગ્રહી સાચું થજે મુમુક્ષુ વીર;
સદ્‌ગુરુશરણે સ્વયં અભય પદ વરી લે ધીર ગભીર;
નિત્ય પછી નિર્ભય થઈ ફરજે,—શિષ્ય૦

卐

## હું

હું બ્રહ્મ અગોચર નિર્વિકાર,
સહુ સૂક્ષ્મ તત્ત્વનો પરમ સાર;
પાવક જ્વાલામાં મુજ વિકાશ,
રવિ શશી ગ્રહગણમાં મુજ પ્રકાશ.

લહેરાતો વિહરું પવનસંગ,
થન થન નાચું રહડી જલતરંગ;
ઘન ઘટામધ્ય વિદ્યુત વિમાન,
કવિ કરે કલ્પના મૂર્તિમાન.

હું નર છું સુન્દર સુભગ નાર,
કોમલ કુમારી હું નવકુમાર;
હું નમણું છું નવજાત બાલ,
હું વૃદ્ધ દેહ વિકરાલ કાલ.

હું મધુપ મુગ્ધ કેસરી કરાલ,
હું મધુર કંઠ શુભ શુક રસાલ;
હું જલમાં વિચરું જલ જમીન,
હું તૃણ કણ વલ્લી તરુ નવીન.

હું ઋતુસમૂહ હું જલસમુદ્ર,
સહુ સ્વરૂપ મારાં બૃહત ક્ષુદ્ર;
સચરાચર આ સહુ નામ રૂપ,
ઉદ્‌ભવ સ્થિતિ લયનું હું સ્વરૂપ.

卐

# ટીકા

**નિમન્ત્રણ;**—પરમ પ્રેમાસ્પદ બ્રહ્મસ્વરૂપનાં ઉપાસકો, રસ-નિધિનાં પ્રેમાળ પિપાસુઓને નિમંત્રણ. પ્રેમવારિધિ=પ્રેમસમુદ્ર. ઢળે ઢળે ઇ૦=અંતરમાંથી પ્રેમનો સાગર ઢળી પડે છે; અંતરનો એ અમૃતવારિધિ ઉછળી પડે છે. પક્ષી પક્ષી ઇ૦=પક્ષી પક્ષીને પશુ પશુને અને પ્રત્યેક પ્રાણી એક બીજાને કંઠે ભેટીને એકાકાર અનુભવે છે. કંઠ કંઠના ઇ૦=એમના આલ્હાદથી સ્વાભાવિક સરી પડતા અને અભેદ સૂચવતા ધ્વનિમાં, ભાવને અક્ષરના ઉદ્‌ગમ જેવો ૐકારનો સ્વર ગુંજી ઊઠે છે. પહાડ પડે ઇ૦=પર્વત પણ એ આનંદથી ડોલાયમાન થઇને ઢળી પડે છે. પત્થરો એના પ્રભાવથી ગળી પડે છે. વિજાતીય ઇ૦=પરસ્પર વિરોધી સ્વભાવના પદાર્થો—તત્ત્વોના સંયોગથી ઉત્પન્ન થતી શોભા પણ સર્વત્ર સજાતીય ભાવના ઉત્પન્ન કરે છે.

**બ્રહ્મર્ષિ રામ:**—આત્મના પરાગ=આત્માના અદ્‌ભુત આનંદની સૌરભ—સુગંધ. અભિરામ=વિશ્રાંતિસ્થાન. સત્ત્વ=પ્રકૃતિના સાત્ત્વિક અંશમાંથી ઉત્પન્ન થયેલું અંતઃકરણ—સૂક્ષ્મ શરીર. દેહકલા=સ્થૂલ શરીર અને એના ભિન્ન ભિન્ન અવયવો. સૂક્ષ્મ અને સ્થૂલ બન્ને શરીરમાં બ્રહ્મભાવનાની પરમ પવિત્રતા ભરેલી હતી. સ્વલ્પ દેશ કાલની=ટૂંકા આયુષ્યના શરીર દ્વારા થયેલી પ્રવૃત્તિ સમસ્ત પૃથ્વી (સમષ્ટિ) પર વિસ્તાર પામી. એમના જ્ઞાનોપદેશ ખંડે ખંડમાં પ્રચાર પામ્યા. સાત્ત્વિક દેહ દ્વારા પડેલો જ્ઞાનપ્રકાશ ચૈતન્યના વીજળીના ચમકારા જેવો અચાનક આવ્યો અને અચાનક ગયો. પરમ અર્થ=પરમાર્થનો વિશુદ્ધ પ્રસાદ બધે વહેંચવા અને સાધકને વેદાન્ત જેવા ગહન વિષયમાંથી પણ સરલ માર્ગ દેખાડવા. યજ્ઞલીલા ભેખ=બ્રહ્મયજ્ઞ (જ્ઞાનયજ્ઞ) રૂપી સંન્યાસ આશ્રમ ધારણ કર્યો, એ આપની અદ્‌ભુત જીવન લીલા. ઝીણી આંખથી=સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં તો આ જગત અનિત્યજ નિશ્ચય થઇ ચૂક્યું છે, અને એ અસત્ય સંસારમાં

જો જરાયે પરમ સત્યનું દર્શન થતું હોય તો પરબ્રહ્મના આપ જેવા અંશાવતારની જીવન લીલામાંજ છે. સ્વામી ઇ૦=**શ્રી સ્વામી** રામતીર્થ અમારાં નેત્રોમાં વાસ્તવિક સત્યની–પરમ તત્ત્વની ઝાંખી–સૂક્ષ્મ પ્રકાશ ભરે છે. જ્ઞાનબાલકો=જિજ્ઞાસુઓ. જાગ્રતિ સ્ફુરી=ચૈતન્ય આવ્યું: ઉત્સાહ આવ્યો. દીપ્યો મણિ=આત્મપ્રદીપનાં અજવાળાં ફૂટયાં: અંતઃકરણો શુદ્ધ થયાં ને એ ચિદ્દઘનનો દીપક સોળે કળાથી અજવાળાં ફેંકવા માંડયો.

**પ્રભાતનું સ્તવન:**—કૌશલ્યથી=**યોગઃ કર્મસુ કૌશલમ્—ગીતા;** કુશલતાપૂર્વક: ભક્તિયોગ પૂર્વક. અનુગ્રહ=કૃપા. સાર નિઃસાર જાણું ઇ૦=નિત્ય અને અનિત્યની યથાર્થ ઓળખાણ કરી શકું.

**સન્તોનું સ્વાગત:**—હૃદયચોકમાં=અંતઃકરણના વિશાલ ક્ષેત્રમાં. પરમધામના=સ્વરૂપસ્થિતિના. શુદ્ધ પામવા પ્રસાદ=વિશુદ્ધ નિજાનંદ પ્રાપ્ત કરવા. શોધે સંયોગ ઇ૦=વિષયોના સંયોગભોગજ શોધ્યા કરે. ભાવીમાં ભોગ=ભાવી જીવનમાં ભોગવાય એવા વિષયોની વાસનાઓ અને વિષયોની સામગ્રી.

**બંસીધરને:**—બંસીધર=અખંડ ભૂમંડળને પોતાની અલૌકિક વાંસળી દ્વારા વેદના સારભૂત શબ્દબ્રહ્મ–ૐ કારનો અનાહત ધ્વનિ સંભળાવનાર ભગવાન શ્રી કૃષ્ણચંદ્ર. બંસી ના કર બંધ=શબ્દબ્રહ્મની અખંડ નાદધારામાં એક ક્ષણ પણ વિક્ષેપ ન થવા દે. અનુપમ=ઉપમારહિત. સુર=ધ્વનિ. નિગમનિયન્ત્રિત=વેદના દોહન જેવો ૐ કારનો બ્રહ્મનાદ. ગુંજન આત્મનિકુંજ=અંતરના નંદનવનમાં એ સચ્ચિદાનંદ–**સોઽહમ્** નું અખંડ ગુંજન. કલરવ=ધીમો મીઠો અવાજ. કલિમલદલધ્વસંક=(કલિ)કલહની મલિનતાનો–પાપ સમુદાયનો સંહારક. કરનો વિધિબંધ=અંતઃકરણનું યોગ્ય રીતે વિધાન કરીને સંબંધ જોડી રાખનાર–એની સાથે અનુસંધાન કરાવનાર. સુરજીવન=એ ધ્વનિમય, એ શબ્દબ્રહ્મમાં રસબોળ થયેલું જીવન. સ્નેહ–સુમંત્રિત=પ્રેમની પરમ પ્રેરણા પામેલું.

**અપરાધીની પ્રાર્થના:**—સૂર્યરાજ=આત્માનું રૂપક છે; આત્મભાનુ. ચંદા=ચંદ્ર; મનનું રૂપક. સૂર્યના પ્રકાશથી જેમ ચંદ્ર પ્રકાશિત થાય છે એમજ આત્માના પ્રકાશથી મન પ્રકાશિત છે; મનોમય સમસ્ત પ્રપંચ. આપ તો આત્માનાં દર્શન કરાવવા મથો છો, પણ હું મારા પૂર્વાધ્યાસને અનુસરીને મનોમય પ્રપંચનું જ સ્મરણ કરું છું. આપનાં અંતર્મુખી વચનોનો બહિર્મુખી અર્થ કરું છું.

**પ્રાર્થના સપ્તક:**—વર્ધિષ્ણુ=હે વૃદ્ધિ કરનાર; પોષણ કરનાર; શોભન=સુંદર. અભિરમે=વિરામ પામે; વિશ્રાંતિ ધારણ કરે. ઘનાકારે=વાદળાંના—મેઘાડંબરના આકારમાં. અંબુજ=વાદળું. લીલાવર્તી=લીલા કરનાર. જલદધર=વાદળાં ધારણ કરનાર. વનસ્થલી=વનરાજી; વનની શોભા. વિકસિત થતી=ખીલી ઊઠતી. ભર્ગ=સૂર્યદેવનું જીવનમાં પ્રાણ પ્રેરતું તેજ. વરેણ્યમ્=પૂજવા યોગ્ય. દિનકર=સૂર્ય. નભોમંડળ=આકાશ. પ્રતીત થતું=ભાન થતું; જણાતું. અભિજ્ઞાન=ઓળખાણ. સ્મરણી=પરમાત્માનું અહોનિશ સ્મરણ કરવા હાથમાં રખાતી થોડા દાણાની માળા; બેરખો. અકલિત નથી=અજાણ્યું નથી.

**મૂંઝાતા મનની પ્રાર્થના:**—કર્મ વિવિધ કરી ૪૭=ભિન્ન ભિન્ન પ્રકારનાં સકામ કર્મ કરી કર્તૃત્વબુદ્ધિ અને અહંકાર વધ્યાં. જાડ્ય=જડતા; અજ્ઞાન. સત્ત્વ સમાય ૪૦=અંતઃકરણમાં નિરંતર ૐ કારનું ગુંજન ઊતરે; ઊભરાય.

**રટ તું મન! રામનામ:**—કટુ કષાય ૪૦=અંતરનું બધું માલિન્ય અને ક્લેશ જાય. અંતરમાં અને મુખમાં એ નામસ્મરણથી પરમાત્માના અદ્‌ભુત રસાસ્વાદ રૂપી અમૃત ભરાય. સ્વરસ=નિજાનંદનું સરલ સુખ. પ્રચુર=પુષ્કળ, ઘણું. ક્ષેમ=કલ્યાણ.

**ૐકાર સ્તવન:**—પરબ્રહ્મ રૂપ સાકાર રે=નિરંજન નિરાકાર પરબ્રહ્મનું એ વેદના સારરૂપ સાકાર રૂપ. નામ ન આપી શકાય એવા પરમ તત્ત્વનું પણ એકમાત્ર નામ. પ્રાજ્ઞ=સુષુપ્તિ અવસ્થાનો અવિદ્યાના આશ્રયવાળો અભિમાની જીવાત્મા, એમાંથી તુર્યા અવસ્થામાં

પ્રજ્ઞા-ઋતંભરા પ્રજ્ઞા-વિજ્ઞાન પ્રાપ્ત કરે છે. મન વાણી પાર જ્યાં પામી=મન અને વાચા જ્યાં શાંત થાય છે; એમાં એક રૂપ, અભેદ થઇ જાય છે.

**પ્રમાદી ચિત્તને:**—મનોબુદ્ધિનો ભ્રંશ=મન અને બુદ્ધિની પ્રત્યેક ક્ષણે થતી વિકારી વિષયાકાર અવસ્થાઓ. જગત જાય ૪૦= પરબ્રહ્મનું ચિંતવન કરતાં, પરમાર્થને પંથે પળતાં વ્યાવહારિક પ્રદેશ-માંથી થતી સ્વાભાવિક નિવૃત્તિ. સંસારનું ભાન સ્હેજે ચાલ્યું જાય તો જવા દે. એના શોકમોહ શા ?

**ખપી જાવું:**—અલખ લખ બોલિયે=અલક્ષ્ય વસ્તુને લક્ષ્ય કરી ઓળખાવનાર સમર્થ સદ્‌ગુરુએ. વૈખરી=સ્થૂલ વાણી; મહામૌને= પરમતત્ત્વમાં અંતઃકરણનો સમાધિ અવસ્થામાં લય થાય એ કાળે; ચારે વાણીથી પારની અવસ્થા. ગુરુદેશે=સ્વરૂપમાં.

**સાકીને આખરી અર્જ:**—(૧) સાકી=ભક્તિરસરૂપી મદ્ય પાનાર; ગુરુ; જગતનું અને સમસ્ત દ્વૈત પ્રપંચનું વિસ્મરણ કરાવવા પ્રેમમદિરાનું પાન કરાવનાર; તત્ત્વમાં તદાકાર સ્થિતિનો અનુભવ જગાડનાર. આખરી=અંતિમ; છેવટની. અર્જ=વિનતિ. અલગર્જ=ગરજ વિનાનો; નિસ્પૃહ. **ભાવાર્થ:**—અરે ઓ નિસ્પૃહ સાકી! તારી મદિરાની બોતલ (શીશી)માંથી બાકી રહેલો મદિરા પૂરેપૂરો નીતારી દે. ઓ ગુરુદેવ! તમારા પ્રેમપાત્ર સ્વરૂપમાંથી કૃપાના મહાસાગર જેવા અંતઃકરણમાંથી બાકી રહેલી બધી પ્રેમપ્રેરણા પાઇ દો. (૨) જામ=પ્યાલો. લજ્જત=મઝા; આનંદ. બૂંદ=ટીપું. **ભાવાર્થ:**—આ પ્યાલો થોડો અધુરો છે તેથી મને મઝા નથી આવતી. એવા તો હજારો પી ચૂકયો; અને હવે આ શીશીમાં માત્ર એજ ટીપાં બાકી દેખાય છે એ પણ પાઇ દો. ઓ ગુરુદેવ! આપની કૃપાથી હજારો જન્મમાં હજારો અંતઃકરણરૂપી પ્યાલા પીધા; આપે એમાં અનેકધા ભક્તિરસ રેડયો; મેં પીધો; પણ હજુ આ અંતઃકરણમાં થોડું રસપાન

અધુરૂં છે. (૩) નશો=કેફ, ઉન્માદ. ગમ=દિલગીરી; ખેદ. ખ્વાબ=સ્વપ્ન; સ્વપ્નસમ સંસાર. ખ્યાલી=કલ્પનામય. આહ=નિઃશ્વાસ. તમન્ના=પર્વા. આરજૂ=વિનતિ. **ભાવાર્થઃ**—એ પ્રેમમદિરાનું પાન કરવાથી, એના ઉન્માદથી મારૂં વ્યવહારભાન શૂન્ય થાય; ગરદન ઝૂકી પડે; સમસ્ત ખેદ, સ્વપ્નસંસાર, વિકલ્પો-મિથ્યા કલ્પનાઓ બધું નાશ પામે. એના પ્રભાવથી મારા અંતઃકરણના વિરહના નિઃશ્વાસમાં કશી પણ સ્પૃહા-વાસના બાકી ન રહેવા પામે. (૪) ગમ ખાય છે=પાછું પડે છે. સફા=સ્પષ્ટ, સાફ. મગર=કિન્તુ, પણ. મય=શરાબ, પ્રેમમદિરા. નશો=કેફ. **ભાવાર્થ**—તને મુક્ત પુરુષને આવું સ્પષ્ટ કહેતાં મન પાછું પડે છે, અચકાય છે; પણ આ હૃદય પ્રેમ-પ્રેમ-પ્રેમનોજ મદિરા માગ્યા કરે છે એટલો નશો બાકી છે; એટલું વ્યવહારભાન બાકી છે. (૫) હકીકતમાં=વાસ્તવિક રીતે જોતાં; હકીકત=વસ્તુસ્થિતિ. સનમ=માશુક, પ્રિયતમા. સૂફી સંતોની એ પરમ પ્રેમાસ્પદ પરબ્રહ્મને આપેલી પ્રિયતમાના સ્વરૂપની મસ્તીભરી ભાવસંજ્ઞા; એમની પ્રેમમૂર્તિ. રાહ=માર્ગ; પંથ. રાહદારી=પથિક, મુસાફર; સાધક. જઈફી=વૃદ્ધાવસ્થા, ઘડપણ. **ભાવાર્થઃ**—ખરી રીતે તો હું એ પ્રિયતમાને પંથે ચડેલો પથિક છું જ. પણ યૌવનમાં-રજોગુણની સકામ ભાવનાઓમાં વૃદ્ધાવસ્થાની-નિષ્કામકાળની શાંત ગંભીર સાત્ત્વિક અવસ્થામાં સ્વાભાવિક પ્રાપ્ત થતી શાંતિ, તેમજ જીવનમાં મૃત્યુ-આ દેહના પ્રારબ્ધભોગ ભોગવતાં જ મનોનાશનો અનુભવ એટલે જીવનમુક્તિ બાકી છે. (૬) મહબ્બત=પ્રેમ. મશગુલ=ચકચૂર. દુઆ=આશીર્વાદ. જબાં=વચન. શરાબી=મદિરાપાન જેવો અર્થ લેવાનો છે. **ભાવાર્થઃ**—હે સાકી! તેંજ મને પ્રેમમાં ચકચૂર બનાવ્યો; આશીર્વાદ અને અભયવચન આપ્યાં, તો પછી હવે આ મદિરાપાનમાં-ભક્તિરસના પાનમાં શા માટે બાકી રાખે છે? (૭) પિછાની=ઓળખી. પહેલાંનો=અનેક જન્મનો; અરે **એકોऽहं बहुस्याम्**ની ભાવના કરી ત્યારનો. કોલ=વચન. અનેક વખત આશીર્વાદ આપેલા તે બધા યાદ કરી લે. ચશ્મ=આંખ. જહાં=

જગત. જિન્નત=સ્વર્ગ. **ભાવાર્થ:**—આ મારી આંખમાં હજુ એવો પ્રકાશ—એવું અજ્ઞાન છે કે એને લોક પરલોકની ભાવના સાચી લાગે છે; એની પ્રતીતિ થાય છે એટલી સાંસારિકતા એમાં છે. (૮) પર્દા=પડદો, આવરણ, ગમ=ખેદ. વસ્લ=પ્રેમ. વહદત=અભેદ, અદ્વૈત. બુર્ખા=મ્હોંપરનું ઢાંકણ, સ્વરૂપનું આવરણ. કદમ પહોંચાડવા=પ્રિયતમાના મંદિરમાં—સ્વરૂપ સાક્ષાત્કારના પ્રદેશમાં જવા. **ભાવાર્થ:**—આવરણ તૂટે અને સ્વરૂપ સાક્ષાત્કારમાં—અભેદના પ્રેમ જીવનમાં એ છેવટનો ખેદ દૂર થાય, એ પ્રિયતમા પોતાનું મુખદર્શન કરાવે, સ્વરૂપને નિરાવરણ કરે ત્યારે મારે માત્ર ત્યાં પ્રવેશ કરવાનું, છેવટનું પગલું ભરવાનુંજ બાકી છે. (૯) આબેહયાત=જીવનનો ઝરો; અમૃત. હક=પરમ સત્ય; પરબ્રહ્મ. પરસ્તી=પૂજા, ભક્તિ. અનલહક=ભાવાર્થ **अहं ब्रह्मास्मि; सोऽहम्**, એવા વેદોક્ત મહાવાક્ય જેવું સૂફી સંતોનું એ અદ્વૈતભાવના પ્રકટાવતું મહાવાક્ય. રૂહાની=આત્મિક. બાંગ=બૂમ, બોલ, ઉદ્‌ગાર. **ભાવાર્થ:**—અમૃતનો હોજ—મહાસાગર ભર્યો છે; મારા પ્રારબ્ધમાં પણ બ્રહ્મપ્રાપ્તિ—પરમાત્મ-ભક્તિ છે. તો પછી અનલહકના તૃપ્તિના ઉદ્‌ગારમાં આટલી પણ ફર્યાદ શા માટે કરવી પડે ? (૧૦) **ભાવાર્થ:**—મારી પ્રિયતમા તો મારા સ્વાર્પણનો સ્વીકાર કરીને મારું લોહી નીચોવી નીચોવીને, મારૂં સર્વસ્વ સંપૂર્ણપણે સ્વાહા કરવાને—સ્વીકારી લેવાને સદા સર્વથા તૈયાર છે; પણ એ રક્તપાન કરવામાં મારા આત્મસમર્પણમાં હજુ મારો અહંકાર ગળ્યો નથી. (૧૧) લબેલબ=હોઠની સાથે હોઠ. ખતમ=પૂરા. દિલ્લગી=પ્રેમ; દોસ્તી. **ભાવાર્થ:**—અમે રસપાન કરી શકીએ એટલા માટે અમારા હોઠે હોઠ મેળવી દે. હૃદયના બધા તાર જોડી દે; અને પ્રેમીઓના પ્રેમમાં જે કંઇ સંકેત બાકી હોય તે બધા પૂરા કરી નાંખ. (૧૨) સનમ, હું, તું અને આ બધી મહેફિલ—સમાજ—સમસ્ત સંસાર એ શરાબીથી—મદિરાપાનથી પાગલ-ઉન્મત્ત બનીએ; ઉન્મની અવસ્થાનો આનન્દ લૂટીએ કે કિંચિત્ માત્ર પણ સાંસારિક

ભાન ન રહે. પણ શું કરૂં ? મારી આ બુદ્ધિમાં હજુ દુરાગ્રહ છે; જગત અને એના વ્યવહારની સત્યતા બાકી રહી છે. (૧૩) રફા કર=પૂરો કર. બોતલ ખતમ કર=સીસો ખાલી કર. બધો પ્રેમરસ પાઈ દે. પ્રેમનું સંપૂર્ણ પાન કરાવ કે એ ગઝલ ગાતાં ગાતાંજ, આ ભજન ગાતાં ગાતાંજ, આ ભજન કરતાં કરતાંજ આપણે પ્રેમોન્મત્ત બનીએ અને એવાં ઝૂલીએ કે આપણુને જરા પણ હોશ ન રહે. દ્વૈતભાનનો લવલેશ પણ ન રહે. (૧૪) નજર કર=જરા મારા પ્રતિ દૃષ્ટિ કર. રહમ કર=દયા કર. મુર્શિદ=ગુરુ. શરાબીમાં સનમ રાજી=તું મને મદિરા પાન કરાવે એમાં મારી પ્રિયતમા તો ખૂબ પ્રસન્ન છે. અમલ કર=આચરણુ કર. વસ્લે–યાર=પ્રેમીનું મિલન. (૧૫) **ભાવાર્થ:**–હજારો મનુષ્યો ગુરુ અને સંતોનો વેશ ધારી ફરે છે, પણ એ બધામાં પ્રેમ–મદિરા હોતો નથી. (૧૬) સવાલી=પૃચ્છક, તત્વના પ્રશ્ન પુછનાર. ભિખારી=પ્રાર્થના કરનાર. લબાલબ=પૂરેપૂરી. તરસ=જ્ઞાનપિપાસા. (૧૭) ફિદવી=ગુલામ, દાસ, સેવક. કુર્બાં=વારી જવું. જિસ્મો–જાં=શરીર અને પ્રાણ. બકા=નવીન જીવન; જીવનમુકિત. વસ્લ=પ્રેમ. (૧૮) તૂટે ખોજું–એ અશુદ્ધ છે, તૂટે ખોખું વાંચવાનું છે; ખોખું=શરીર. શરીર પંચત્વ પામે એ અર્થ લેવાનો છે. ઊડે દમ=પ્રાણ પંખેરૂં ઊડી જાય. તાસિર=અસર, પ્રભાવ, આ સ્વપ્નમય સંસારની અસર નિર્મૂલ થાય; અને હવે તો અભેદના ઉન્માદમાં **अहं ब्रह्मास्मि** નો ઉદ્‌ગારજ બાકી છે.

**સાકી દે દે શરાબ:**–બોતલ=Bottle, શીશી. હિલાવ=હલાવ. તરબતર=પૂરેપુરૂં. ખુદમસ્તી=નિજાનંદ. મિલાવ=મેળવી આપ. બેખ્વાબી ખ્વાબ=સ્વપ્ન વિનાનું સ્વપ્ન; સ્વપ્ન જેવું છતાં પણ સ્વપ્ન નહિ એવું; કેવળ કલ્પનામય. સવિકલ્પનો આભાસ પણ નિર્વિકલ્પના અનુભવવાળું. સવાલો–જવાબ=પ્રશ્નોત્તર, વાદવિવાદ, ચર્ચા. બંદા–નવાબ=સેવક અને સ્વામી; જીવઈશ્વર ભેદ.

**ઇશ્વરની લીલા:**—અજબ ઢંગ સંભાળે=આશ્ચર્ય ઉપજાવે એવી

ચના કરે છે. પુષ્પકલિ ૪૮=ખીલડતા ફુલનો સ્વાદ કડવો હોય પણ
.રિપકવ ફલમાં મિષ્ટતા હોય છે. તેમ ઈશ્વરનાં બાહ્ય રૂપમાં વિકરા-
.તા હોવા છતાં પણ પરિણામે આંતરિક સુખ ભરેલું છે.

**જાગ્રતિબોધ:**—જલ્પના=બડબડાટ; કચવાટ. થયું, થશે, થાય=
.ત, ભવિષ્ય અને વર્તમાન; ચિન્તા, પ્રલાપ અને ક્રિયા=મન, વાણી
.ને શરીરના ધર્મો; તેમાં ધોવાય ૪૦=અવિદ્યા કામ કર્મનો પ્રવાહ;
.મસ્ત કાર્યકારણની પરંપરા. અલપાય=વિલીન થાય.

**સાધુઓની ટોળી:**—સુદામાની ઝોળી=અયાચક વૃત્તિ; પરમ
.ત્ર ભગવાન્ શ્રી કૃષ્ણ પાસે પોતાની નિષ્કિચન અવસ્થામાં પણ
.ી રહેલી સુદામાની અવિચલ અયાચક વૃત્તિ તો પુરાણપ્રસિદ્ધ
. તરણી=નૌકા.

**મંગલ ગીત:**—નૃપતિની કથા ૪૦=નૃપતિ એટલે માયાવિવશ
.વાત્મા; અહંકાર. એક પુરુષ=આત્મા. નારી=પ્રકૃતિ, માયા. તેજીલી
.સ્વાર=જ્ઞાનનું ખડ્ગ.

**કૈં એ પરસ્તી ઑર છે:**—પરસ્તી=પૂજા, ભક્તિ, પ્રેમ.
.જરો=ઝૂકી ઝૂકીને કરાતી સલામ. કુલ્મુલ્ક=સમસ્ત દેશ. ખુશરો=
.સન્ન વદન. દર દર=ઘેર ઘેર. બારણે બારણે. બદન=શરીર. સરસર=
.યેક મસ્તકને. સીસા ખાલી કરે=પ્રેમ મદિરાનું પાન કરે. લબે=હોઠે.
.ખુબ=વ્હાલી. માશુક=પ્રિયતમા. રૂબરૂ=પ્રત્યક્ષ, સાક્ષાત્.

**ફેરું હરદમ હકીકતમાં:**—હરદમ=હમેશાં, પ્રત્યેક શ્વાસે.
.ંગ=વેશ. ધરી ૪૦=હાથમાં **अहं ब्रह्मास्मि** ના ભજનરૂપી દંડ
.રણ કર્યો છે. ખલ્કત=જગત. તાજ=મુકુટ. શાહી=બાદશાહી.
.ાઇ=ઈશ્વરીય. દૈવી. તસ્વીર=મૂર્તિ, પ્રતિમા, સ્વરૂપ. દીદાર=દર્શન,
.રો. ઉલ્ફત=પ્રેમ, મહોબ્બત. શિરાઝી જામ=શિરાઝના પ્રખ્યાત
.બથી ભરેલો જામ=સર્વોત્તમ પ્રેમલક્ષણા ભક્તિથી ભરેલું હૃદય.
.દ=બલિદાન આપવા તૈયાર થનાર; હકીકી કામ=દૈવી વ્યવહાર.
.કત=વાસ્તવિકતા, પરમ વસ્તુ.

**ફના ફિશશેહ-ફના ફિલ્લાહઃ**—ફના=સર્વસ્વ સ્વાહા થવું. ફના-ફિશશેહ=ગુરુમાં સમર્પણ થવું. ફનાફિલ્લાહ=પરમાત્મામાં સર્વસ્વ અર્પણ, અહંકારની સંપૂર્ણ નિવૃત્તિ. ફના થવું=ખપી જવું. અહીં પરમાત્મા અને ગુરુનો અભેદ છે. રાહત=આરામ, શાન્તિ. ફરહત=સ્ફૂર્તિ, જાગ્રતિ ચેતના, વિજ્ઞાન. વટાવ્યું ઇ૦=મોતના બદલામાં નવું જીવન આવ્યું; મનોનાશને પરિણામે અનંત જીવન-જીવન્મુક્તિ અનુભવી. કિસ્બી=કૃત્રિમ. તસ્બી=માળા. હિકમત=કળા. જવાહિર=ઝવેરાત. નિસ્બત=સંબંધ સંસર્ગ. ખજાના-યે-પરસ્તી=ભક્તિનો ભંડાર. ખુદી=અહંભાવ. ખુશી=આનંદ. ઇલ્લત=ટેવ. ખરાબી=વ્યવહારમાંથી ઉપરામ થતાં આવતું દુર્લક્ષ અને પરિણામે વ્યાવહારિક વૃત્તિની શિથિલતા. શકલ=મૂર્તિ; નામ રૂપ. ગાયબ=અભાવ થવો. બૂત=મૂર્તિ, રૂપ, બીબાં=ઘાટ; બધી નામ રૂપની માયા; બધો વ્યક્ત સંસાર. શાદી=આનંદ. પ્યાસ=તરસ, તૃષ્ણા. ઝગી=પ્રકટ થઇ. ચશ્મે=આંખમાં. હકીકી નૂર=દૈવી પ્રકાશ. ગુલશન=બાગ, નંદનવન. મિહર=સૂર્ય. સિતારા=તારા. આભ=આકાશ. જલ્વા=તેજ, પ્રકાશ, સદા=અવાજ, સદા-યે-હક=બ્રાહ્મી ભાવની ગર્જના; બ્રહ્મઘોષ. તનહા=એકલો, કેવલ.

**હક જબાં આવે નહીંઃ**=પરમ સત્ વાણીમાં આવે નહીં; એ વાણીનો વિષય નથી. ચરખે-મિહર=સૂર્યના ચક્રમાં. આત્મભાનુના પ્રકાશમાં મન ચડયું; તેથી તેની દૃષ્ટિમાં હવે જગત નથી રહ્યું. જગતમાં લાખો ગ્રહણ થાય, અંતઃકરણ પર ગમે તેટલાં આવરણ આવે જાય, પણ હવે એની છાયા આત્મભાનુ પર નહીં પડે. સખ્ત આતશને ભભૂકે=પ્રચંડ જ્ઞાનાગ્નિની જવાળા વડે. બલા=ઉપાધિ. ચક્કર=ચક્ર; ચંદ્રનું પરિભ્રમણ, મનની ચંચલતા. ખુદબખુદ=હું પોતે. રોશની=પ્રકાશ, ચિદ્ઘન. અકસ=પ્રતિબિંબ. પિછાનોની=અભ્યાસની. દાવા=હક, અધિકાર. સનમ અને સાકીના=ઇશ્વર અને ગુરુના, દ્વૈત-ભાવની વેળાના અધિકાર હવે ચાલતા નથી; હવે એ ભેદ નિર્મૂળ થયા છે. ખુદી=અહંકાર રહ્યો નથી અને તેથી એ બધાં કોણ, શું, કેમ એવા પ્રશ્નોજ હવે ઉદ્ભવતા નથી.

અમૃતવર્ષા:—વ્યોમવૃષ્ટિ=આકાશમાંથી થતી વૃષ્ટિ. રત્નખાણ=
નો જેવા ચળકતા તારા અને ગ્રહોની ખાણ. ગ્રહ ઝરતા ભોમે=
.ના નાના ગ્રહો પૃથ્વી પર ખરી પડે છે. તુષારકણ=ઝાકળનું બિન્દુ.
કાશનિધિ=પ્રકાશનો ભંડાર. અરુણ ઉજાસ=બાલ સૂર્યનો પ્રકાશ;
ર્યનાં ઊગતાં તેજ.

ૐ ગુરુ:—અરુણબોધ=બાલ સૂર્યના પ્રકાશ જેવો જ્ઞાનનો
જોજ ઉદ્‌ભવ પામેલો જ્ઞાનપ્રકાશ. કિરણકલાથી છo=એનાં
રણની પ્રત્યેક કલાથી અંધકારના થર ઉખડતા જાય છે. પ્રખર-
શ્મ=અત્યંત પ્રકાશનો ભંડાર. ગુણમય=ત્રિગુણાત્મક. અવિરત=સતત,
રન્તર ચાલુ.

રામ પ્રકાશ:—ભેદ પટાન્તર=ભેદરૂપી આવરણ.

અલિંગી અવધૂત:—ત્ર્યમ્બકી=ત્રણ નેત્રવાળા મહાદેવની.

ચન્દ્રિકાને—ચર્યા=કામકાજ. વાતાયનેથી=બારીએથી.

સાધન ચતુષ્ટય:—બંધવિમોચન=બંધમાંથી મુક્તિ. અરિદલ=
ત્રુનો સમૂહ. સ્મૃતિ શોધી=સ્મરણશક્તિનું સંશોધન કરી, વિશુદ્ધ
. વ્યતિરેક=વિના. પરિહાર=છોડ, ત્યાગ કર.

હું:—પાવક=અગ્નિ. વિદ્યુતવિમાન=વીજળીના ઝબકારાનું
માન. નવજાત=નવુંજ જન્મેલું. કરાલ=ભયંકર. જલજ=જલમાં
ત્પન્ન થયેલું. બૃહત્ ક્ષુદ્ર=નાનાં મોટાં. ઉદ્‌ભવ સ્થિતિ લય=ઉત્પત્તિ,
સ્થિતિ અને પ્રલય.

---

કાવ્ય
ૐકાર ર
ૐ ગુરુ
અપરાધી
અમૃત વ
અલખ જ
અલિંગી
અવસ્થા
અશાન્ત
ઇશ્વરની
એનાં આ
કેસરીઆં
કૈં એ પ
ખપી જા
ગુરુમંત્ર
ચન્દ્રિકાને
જાગ્રતિ
જિજ્ઞાસુને
ત્ર્યમ્બકી
નિજ ના
નિત્યપાઠ
નિમન્ત્રણ
નિશ્ચયાત્મ
પ્રભાતનું
પ્રમાદી

# અનુક્રમણિકા.


| કાવ્ય | પૃષ્ઠ |
|---|---|
| ૐકાર સ્તવન | ૨૩ |
| ૐ ગુરુ | ૬૮ |
| અપરાધીની પ્રાર્થના | ૧૩ |
| અમૃત વર્ષા | ૬૬ |
| અલખ જાગે | ૬૧ |
| અલિંગી અવધૂત | ૭૦ |
| અવસ્થા અને અજ્ઞાન | ૨૪ |
| અશાન્ત મનની પ્રાર્થના | ૧૭ |
| ઇશ્વરની લીલા | ૩૪ |
| એનાં આવરણ | ૪૬ |
| કેસરીઆં | ૩૯ |
| કૈં એ પરસ્તી ઑાર છે | ૬૨ |
| ખપી જાવું | ૨૭ |
| ગુરુમંત્ર | ૯ |
| ચન્દ્રિકાને | ૭૧ |
| જાગ્રતિ બોધ | ૪૪ |
| જિજ્ઞાસુને | ૩૭ |
| ત્ર્યમ્બકી લીલા | ૩૨ |
| નિજ નામનું ભજન | ૩૧ |
| નિત્યપાઠ | ૪૨ |
| નિમન્ત્રણ | ૧ |
| નિશ્ચયાત્મક મન | ૨૦ |
| પ્રભાતનું સ્તવન | ૫ |
| પ્રમાદી ચિત્તને | ૨૬ |

| કાવ્ય | પૃષ્ઠ |
|---|---|
| પ્રાર્થના સપ્તક | ૧૫ |
| પૂરો ... | ૫૯ |
| ફનાફિલ્લાહ–ફનાફિલ્લાહ | ૬૪ |
| રું હરદમ હકીકતમાં | ૬૩ |
| બ્રહ્મ સમર્પણ | ૨૨ |
| બ્રહ્મર્ષિ રામ | ૩ |
| ાંસીધરને | ૧૦ |
| મરી જા | ૩૫ |
| ારા જેવા | ૪૮ |
| ારી પિછાણ | ૪૭ |
| ુક્તાફલ | ૬૦ |
| ઝાતા મનની પ્રાર્થના | ૧૯ |
| ગલ ગીત | ૫૨ |
| ે તું મન ! રામ નામ | ૨૧ |
| મતા રામ | ૫૭ |
| મપ્રકાશ | ૬૯ |
| ાષ્યની વ્યથા અને અભ્યર્થના | ૧૧ |
| -તોનું સ્વાગત | ૭ |
| ી ! દે દે શરાબ | ૩૦ |
| ીને આખરી અર્જ | ૨૮ |
| ચન ચતુષ્ય | ૭૩ |
| ુઓની ટોળી | ૫૦ |
| જબાં આવે નહીં | ૬૫ |
| ... | ૭૫ |


卐